સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS




ભારત સરકારનું સામાન્ય

# BUDGET 2019-20

# વિશેષાંક


સંપાદક - મૌલિક ગોંધિયા

(Director - ICE)



# નાણાકીય વર્ષ 2019-20નું ભારત સરકારનું સામાન્ય અંદાજપત્ર

ICE INSTITUTE FOR COMPETITIVE EX

વર્ષ 2019માં લોકસભાની ચૂંટણીના આયોજનને કારણે ચૂંટણી પૂર્વે ભારતમાં 1 ફેબ્રુઆરી, 2019ના રોજ કેન્દ્ર સરકારના તત્કાલીન નાણામંત્રી શ્રી પિયૂષ ગોયલે નાણાકીય વર્ષ 2019-20નું "Interim" એટલે કે 'વચગાળા'નું બજેટ રજૂ કર્યું હતું.

- ચૂંટણી બાદ હવે 5 જુલાઈ, 2019ના રોજ ભારતના નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને નાણાકીય વર્ષ 2019-20નું 'સામાન્ય અંદાજપત્ર' રજૂ કર્યું છે.



icerajkot LIKE - COMMENT - SHARE

# શ્રીમતી નિર્મલા સીતારામને રજૂ કરેલા બજેટની વિશિષ્ટતા

શ્રીમતી નિર્મલા સીતારામને લોકસભામાં રજૂ કરેલું વર્ષ 2019-20નું બજેટ **પૂર્ણકાલીન મહિલા નાણામંત્રી** દ્વારા રજૂ થયેલું ભારતનું **પ્રથમ** બજેટ હતું.

- આ અગાઉ સૌપ્રથમ **1970**માં **શ્રીમતી ઈન્દિરા ગાંધીએ** ભારતની લોકસભામાં બજેટ રજૂ કર્યું હતું.
- જે ભારતમાં કોઈ **મહિલા નાણામંત્રી** દ્વારા રજૂ થયેલું **પ્રથમ** બજેટ હતું.
- જોકે, એ સમયે શ્રીમતી ઈન્દિરા ગાંધી ભારતના વડાપ્રધાન હતા. અને વડાપ્રધાન પદની સાથે સાથે નાણામંત્રી પદનો વધારાનો હવાલો સંભાળી રહ્યા હતા.



## બેગની જગ્યાએ મખમલી લાલ કપડાનો ઉપયોગ

આ ઉપરાંત શ્રીમતી નિર્મલા સીતારામન આ બજેટમાં **'બ્રિફકેસ'** અથવા તો **'બેગ'**માં ડોક્યુમેન્ટ લાવવાની જગ્યાએ **'ફોલ્ડર'**માં અથવા તો **'મખમલી લાલ કપડામાં કવર કરીને'** બજેટની સ્ક્રીપ્ટ લાવ્યા હતા.

- ભારતના મુખ્ય આર્થિક સલાહકાર **શ્રી કે. વી. સુબ્રમણ્યમે** આ બાબતને **'પશ્ચિમની માનસિકતાની ગુલામીમાંથી બહાર આવવાનું પ્રતીક'** ગણાવી હતી.
- કેમ કે, ચામડાની બેગમાં બજેટના ડોક્યુમેન્ટ લાવવાની પરંપરા **1733**માં **બ્રિટન**માં શરૂ થઈ હતી. જે હજુ પણ ભારતમાં ચાલી આવતી હતી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કોણ શેમાં બજેટના ડોક્યુમેન્ટ લાવ્યા હતા ?

| ક્રમ | વર્ષ | નામ | બજેટના ડોક્યુમેન્ટ માટે ઉપયોગ |
|---|---|---|---|
| 1 | 1733 | શ્રી રોબર્ટ વૌલપોલ (બ્રિટન) | ચામડાની બેગમાં |
| 2 | 1860 | શ્રી વિલિયમ ગ્લૈડસ્ટોન (બ્રિટન) | લાલ સૂટકેશમાં |
| 3 | 1947 | શ્રી આર. કે. શણમુખમ શેટ્ટી (ભારત) | ચામડાની બેગમાં |
| 4 | 1958 | શ્રી જવાહરલાલ નહેરુ | કાળા રંગની બ્રિફકેશમાં |
| 5 | 1991 | શ્રી મનમોહન સિંહ | લાલ રંગની બ્રિફકેશમાં |
| 6 | 1 ફેબ્રુઆરી, 2019 | શ્રી પિયૂષ ગોયલ | લાલ રંગની બ્રિફકેશમાં |
| 7 | 5 જુલાઈ, 2019 | શ્રીમતી નિર્મલા સીતારામન | 'ફોલ્ડર' અથવા તો મખમલી લાલ કપડામાં |

## 'બજેટ' નહિ 'બહિ ખાતા'

**'Budget'** શબ્દનો ઉદ્દભવ **લેટિન** ભાષાના **"Bulga"** શબ્દ પરથી થયો છે.

- જોકે 15મી સદીમાં ઈંગ્લેન્ડમાં પ્રયોજાયેલો **"Budget"** શબ્દ **ફ્રેન્ચ** ભાષાના **'Bougette'** શબ્દ પરથી આવ્યો હતો. જેનો અર્થ **'ચામડાની બેગ'** થાય છે.

- આમ, 'બજેટ' શબ્દ એ ભારતનો શબ્દ નથી.
- આથી, તાજેતરમાં રજૂ થયેલા બજેટને ભારતના મુખ્ય આર્થિક સલાહકાર **શ્રી કે. વી. સુબ્રમણ્યમે 'બજેટ'** નહિ પણ **'બહિ ખાતા'** એટલે કે **'ખાતા વહી'** કે **'ચોપડે એકાઉન્ટ'** ગણાવ્યું હતું.

## બજેટમાં વિશિષ્ટ પંક્તિઓનો ઉલ્લેખ

5 જુલાઈ, 2019ના રોજ શ્રીમતી નિર્મલા સીતારામને ભારતની લોકસભામાં બજેટ ભાષણમાં ચાણકય નીતિ, ઉર્દૂ શાયરી તથા મહિલાઓ માટે એક સૂત્રનો પણ પ્રયોગ કર્યો હતો. જે આ પ્રમાણે છે :

(1) ચાણકય નીતિ : **''કાર્ય પુરુષા કરેન લક્ષ્યમ સંપાદ્યતે''** અર્થાત્ 'દઢ ઈચ્છા શક્તિવાળા માનવીય કાર્યો અવશ્ય પૂરા થાય છે.'

(2) **શ્રી મંજૂર હાશમી**ની ઉર્દૂ શાયરી : **''યકીન હો તો કોઈ રાસ્તા નીકલતા હૈ, હવા કી ઓટ ભી લેકર ચિરાગ જલતા હૈ''.**

(3) મહિલાઓ માટે **'નારી તુ નારાયણી'** સૂત્રનો પ્રયોગ.

(4) મહાન સંત **શ્રી બશ્વેસરાના 'કપાકા અને દસોહાના સિદ્ધાંતો'**નો પણ બજેટમાં ઉલ્લેખ.

ગુજરાત સરકારની વર્ગ-૩ની તમામ ભરતીઓ માટે
સ્પેશિયલ બેચ
ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount
ફ્રી ટ્રાયલ લેકચર 03/09/19 સવારે / સાંજે
50% Discount 85% થી વધુને
20% Discount 70% થી વધુને
10% Discount 40% થી વધુને
2012 - 18 1237+ સફળ ઉમેદવાર
સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રી માં રહેશે.
ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS
93757-01110
93280-01110
સદગુરૂ કોમ્પલેક્ષ, કાલાવડ રોડ, તિરૂપતી પેટ્રોલ પંપ સામે, સ્વામિનારાયણ મંદિર પાસે
રાજકોટ

## વિઝન 2030

શ્રીમતી નિર્મલા સીતારામને બજેટ ભાષણમાં ફેબ્રુઆરી 2019 દરમિયાન રજૂ થયેલા વચગાળાના બજેટમાં જાહેર કરવામાં આવેલા 'વિઝન 2030'નો ઉલ્લેખ કર્યો હતો. જે આ પ્રમાણે છે :

- આ વિઝન અંતર્ગત 2030 સુધીમાં ગરીબી, કુપોષણ, ગંદકી અને નિરક્ષરતા રહિત ભારતનું નિર્માણ કરવામાં આવશે.
- 2030નું ભારત આધુનિક, ટેક્નોલોજી યુક્ત, ઉચ્ચ વિકાસ તથા સમાન અને પારદર્શક સમાજ ધરાવતું હશે.
- આ માટે વિઝન 2030ના ભારતના 10 પરિમાણ (Dimensions) આ પ્રમાણે છે :

(1) વર્ષ 2030 સુધીમાં ભારતને 10 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા તેમજ સરળ સુખદ જીવનશૈલી માટે ભૌતિક તેમજ સામાજિક માળખાનું નિર્માણ કરવામાં આવશે.

(2) એક એવા ડિજિટલ ઈન્ડિયાનું નિર્માણ કરવામાં આવશે કે જ્યાં ભારતનો યુવાન ડિજિટલ ભારતના સર્જન માટે વ્યાપક સ્તરે સ્ટાર્ટ–અપ અને ઈકો–સિસ્ટમમાં લાખો રોજગારીનું સર્જન કરીને તેનું નેતૃત્વ કરશે.

(3) ભારતને પ્રદૂષણ મુક્ત રાષ્ટ્ર બનાવવા માટે ઈલેક્ટ્રિકલ વાહનો અને નવીકરણ ઊર્જા પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

(4) આધુનિક ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને તેમજ ગ્રામીણ ઔદ્યોગિકરણનો વિસ્તાર કરીને મોટા પ્રમાણમાં રોજગારીનું સર્જન કરવામાં આવશે.

(5) તમામ ભારતીયો માટે સુરક્ષિત પેયજળ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ ભારતની તમામ નદીઓ સ્વચ્છ હશે અને સુક્ષ્મ સિંચાઈ દ્વારા ભારતમાં સિંચાઈના પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવામાં આવશે.

(6) ભારતમાં દરિયા કિનારાના તથા સમુદ્રી માર્ગોના માધ્યમથી દેશના વિકાસને સશક્ત બનાવવામાં આવશે. આ માટે સાગરમાલા કાર્યક્રમના પ્રયાસોમાં ઝડપ લાવવામાં આવશે.

(7) સમગ્ર વિશ્વમાં આજે ભારત ઉપગ્રહો છોડવા માટેનું 'લોન્ચ પેડ' બની ગયું છે. 2022 સુધીમાં 'ગગનયાન' દ્વારા ભારતીય અવકાશયાત્રીઓને અવકાશમાં મોકલવામાં આવશે.

(8) સૌથી વધુ જૈવિક રીતે ભારતમાં ખાદ્ય અન્નનું ઉત્પાદન કરવામાં આવશે અને ખાદ્યઅન્નની નિકાસમાં ભારતને આત્મનિર્ભર બનાવવામાં આવશે અને વિશ્વની ખાદ્ય અન્નની જરૂરિયાતો પૂરી કરવા માટે ખાદ્ય અન્નની નિકાસ કરવામાં આવશે.

(9) 2030 સુધીમાં સ્વસ્થ ભારતના નિર્માણ માટે બહેતર સ્વાસ્થ્ય સંભાળ અને વ્યાપક આરોગ્યપ્રદ પ્રથાની સાથે સાથે આયુષ્માન ભારત અને મહિલાની ભાગીદારી તેના મહત્ત્વના ઘટકો હશે.

(10) ભારતને ન્યૂનતમ સરકાર અને મહત્તમ ગવર્નન્સવાળા રાષ્ટ્રમાં પરિવર્તિત કરવું કે જેમાં એક ચૂંટાયેલી સરકાર સાથે જવાબદારી પૂર્વક ચાલતા સહકર્મચારીઓ અને અમલદારો હોય.

## ભારતની અર્થવ્યવસ્થા

વર્તમાન સમયે ભારત વિશ્વની છઠ્ઠા કે સાતમા નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

- જે પાંચ વર્ષ અગાઉ 11મા ક્રમે હતી.
- જોકે, ખરીદ શક્તિની સમાનતાની દષ્ટિએ વાસ્તવમાં ભારત પહેલેથી જ ચીન અને અમેરિકા બાદ વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે.

## 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા

ભારતીય અર્થવ્યવસ્થાને 1 ટ્રિલિયન ડોલર સુધી પહોંચવા માટે 55 વર્ષથી વધુ સમય લાગ્યો હતો.

- જ્યારે ફક્ત છેલ્લા પાંચ વર્ષમાં જ તેમાં લગભગ 1 ટ્રિલિયન ડોલરનો વધારો થયો છે.
- વર્ષ 2014માં ભારતની અર્થવ્યવસ્થા અંદાજે 1.85 ટ્રિલિયન ડોલર હતી.
- હાલ વર્ષ 2019માં તે વધીને 2.7 ટ્રિલિયન ડોલર થઈ ગઈ છે.
- અને નાણાકીય વર્ષ 2019-20ના અંત સુધીમાં તે વધીને 3 ટ્રિલિયન ડોલર સુધી પહોંચી જશે.
- વર્ષ 2024 સુધીમાં તેને 5 ટ્રિલિયન ડોલર સુધી લઈ જવાનું ભારત સરકારનું લક્ષ્ય છે.
- વિશ્વના મુખ્ય અર્થતંત્રોમાં ભારત હાલ વિશ્વમાં સૌથી વધુ ઝડપથી વિકાસ પામતું અર્થતંત્ર છે.

## ભારતનો GDP વૃદ્ધિ દર

નાણાકીય વર્ષ 2014-15થી 2018-19 સુધીના છેલ્લા પાંચ વર્ષોમાંથી વર્ષ 2016-17માં ભારતનો GDP વૃદ્ધિ દર સૌથી વધુ 8.2 ટકા રહ્યો હતો.

- જે નાણાકીય વર્ષ 2018-19માં ઘટીને 6.8 ટકા થઈ ગયો હતો.
- જે છેલ્લા પાંચ વર્ષનો ભારતનો સૌથી ઓછો GDP વૃદ્ધિ દર છે.
- વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા ઈકોનોમિક સર્વે અનુસાર વર્ષ 2019-20માં ભારતનો GDP વૃદ્ધિ દર 7.00 ટકા રહેવાની સંભાવના છે.
- જ્યારે ભારતના નીતિ આયોગના ઉપાધ્યક્ષ શ્રી રાજીવ કુમારે તાજેતરમાં નાણાકીય વર્ષ 2020-21થી ભારતનો GDP વૃદ્ધિ દર વધીને 8.00 ટકા થઈ જવાનો અને ત્યારબાદ તે અનેક વર્ષો સુધી જળવાઈ રહેવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ભારતનો GDP વૃદ્ધિ દર**

| ક્રમ | વર્ષ | GDP વૃદ્ધિ દર ટકામાં |
|---|---|---|
| 1 | 2014-15 | 7.4 |
| 2 | 2015-16 | 8.0 |
| 3 | 2016-17 | 8.2 |
| 4 | 2017-18 | 7.2 |
| 5 | 2018-19 | 6.8 |
| 6 | 2019-20 | 7.0 ઈકોનોમિક સર્વે 2019 અનુસાર સંભવિત |
| 7 | 2020-21 | 8.0 નીતિ આયોગના ઉપાધ્યક્ષ અનુસાર સંભવિત |

## ઈન્ફ્રાસ્ટ્રક્ચર

ભારતીય અર્થતંત્રના વિકાસ માટે સૌથી અગત્યના અંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિશેની કેટલીક વિગતો આ પ્રમાણે છે :

- ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે આગામી પાંચ વર્ષમાં રૂ. 100 લાખ કરોડનો ખર્ચ કરાશે.
- અત્યાર સુધી બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રકચર માટે દર વર્ષે ખર્ચ કરવાની યોજના બનાવવામાં આવતી હતી. જ્યારે આ વર્ષે બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રકચર જેવા મહત્ત્વના ક્ષેત્રમાં પાંચ વર્ષની યોજના બનાવવામાં આવી છે.




## ઉડ્ડયન

ઉડ્ડયન ક્ષેત્રે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક અથવા તો ઘરેલુ ઉડ્ડયન બજાર (Domestic Aviation Market) છે.

- ભારતમાં હાલ ઓપરેશનલ એરપોર્ટની સંખ્યા 100થી વધુ છે.
- બજેટ ભાષણમાં શ્રીમતી નિર્મલા સીતારામને જણાવ્યા અનુસાર ઉડ્ડયન ક્ષેત્રે ભારત હવે Aircraft Financing અને leasing Activities જેવી ગતિવિધિઓમાં પ્રવેશ કરશે.
- આવી પ્રવૃત્તિઓ માટે ભારતને એક Hub બનાવવા માટે સરકાર દ્વારા એક રોડમેપ તૈયાર કરવામાં આવશે.

## મેટ્રો

ભારતમાં હાલ કાર્યરત મેટ્રો રેલ નેટવર્કની કુલ લંબાઈ 657 કિમી છે.

- ભારતમાં વર્ષ 2018-19માં કુલ 300 કિમી લંબાઈની નવી મેટ્રો રેલ યોજનાઓને મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2019 દરમિયાન લગભગ 210 કિમી લંબાઈની મેટ્રો લાઈનો પર મેટ્રો રેલ શરૂ થઈ ગઈ છે.

## રેલવે

વર્ષ 2018થી 2030 સુધીમાં ભારતમાં રેલવેના મૂળભૂત માળખામાં સુધારો કરવા માટે રૂ. 50 લાખ કરોડના રોકાણની આવશ્યકતા છે.

- આ માટે ભારતમાં દર વર્ષે રૂ. 1.5થી 1.6 લાખ કરોડ ખર્ચ કરવાની જરૂર રહેશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- ભારતમાં રેલવેના ઝડપી વિકાસ અને માલવહનની સેવા માટે જાહેર ખાનગી ભાગીદારી (Public Private Partnership-PPP)નો ઉપયોગ કરવામાં આવશે.
- આ ઉપરાંત ભારતમાં સૌપ્રથમ વખત પ્રાઈવેટ ટ્રેનોનું સંચાલન શરૂ કરવામાં આવશે. આ માટે સરકાર બે ટ્રેન IRCTC (Indian Railway Catering and Tourism Corporation)ને સંચાલન માટે આપશે.
- વર્ષ 2018-19ના સુધારેલા બજેટ અંદાજ અનુસાર ભારતીય રેલવેનો Operating Ratio 96.2 ટકા હતો.
- વર્ષ 2019-20ના બજેટ અંદાજ અનુસાર તે 95.0 ટકા રહેવાની સંભાવના છે.

## રોડ

ભારતમાં બહેતર રોડ કનેકટીવીટી માટે 'ભારતમાલા' યોજનાના બીજા ચરણને અમલમાં મૂકવામાં આવશે.

- ભારતમાં સ્ટેટ રોડ નેટવર્ક ડેવલપ કરવામાં આવશે.
- ભારતમાં National Highway Gridના નિર્માણ માટે નેશનલ હાઈવે પ્રોગ્રામને રીસ્ટ્રક્ચર કરવામાં આવશે.

## અંતર્દેશીય જળમાર્ગ (Inland Waterways)

ભારતમાં સડક અને રેલ માર્ગે થતા પરિવહનની ભીડ ઓછી કરવા માટે સરકાર કાર્ગો પરિવહન માટે નદીઓનો ઉપયોગ કરવાનું વિચારી રહી છે.

- આ અંતર્ગત ભારતમાં ગંગા નદીની નૌવહન ક્ષમતામાં વધારો કરવા માટે નવેમ્બર, 2018માં વારાણસીમાં એક મલ્ટિ મોડલ ટર્મિનલ શરૂ કરવામાં આવ્યું છે.
- આ ઉપરાંત સાહિબગંજ અને હલ્દિયામાં આવા બે અન્ય ટર્મિનલ અને ફરક્કામાં એક Navigational Lockનું કાર્ય 2019-20માં પૂરું થઈ જવાની સંભાવના છે.
- આગામી ચાર વર્ષમાં ગંગા નદીમાં કાર્ગોના પરિવહનની ક્ષમતામાં ચાર ગણો વધારો થવાની સંભાવના છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈલેક્ટ્રીક વાહનો

ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે FAME-II યોજના લોન્ચ કરવામાં આવી છે.

- ફેમ યોજનાના આ બીજા ચરણમાં 1 એપ્રિલ, 2019થી 31 માર્ચ 2022 સુધીના ત્રણ વર્ષ માટે સરકારે રૂ. 10,000 કરોડની જોગવાઈ કરી છે.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપવાનો અને ઈલેક્ટ્રીક વાહનો માટે જરૂરી ચાર્જિંગ સુવિધા વિકસાવવાનો છે.
- ફેમ યોજના અંતર્ગત ફક્ત અતિઆધુનિક બેટરી ધરાવતા અને નોંધાયેલા ઈ-વાહનોને જ પ્રોત્સાહન આપવામાં આવશે.
- ઈલેક્ટ્રીક વાહનોના નિર્માણ માટે ભારતને વૈશ્વિક હબ બનાવવામાં આવશે.
- આ માટે ઈલેક્ટ્રીક વાહનો પરનો GST 12 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.
- ઈ-વાહનોના કેટલાક સ્પેર પાર્ટ પર કસ્ટમ ડ્યૂટીમાં છૂટ આપવામાં આવી છે.
- આ ઉપરાંત ભારતમાં ઈલેક્ટ્રીક વાહનની ખરીદી પર લોનના વ્યાજ પર ટેકસમાં 1.5 લાખ રૂપિયાની માફી આપવા બજેટમાં જોગવાઈ છે.



## વીજળી-ગેસ

ભારતના તમામ રાજ્યોને સસ્તા દરે વીજળીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ભારતમાં **'એક દેશ, એક ગ્રીડ' (One Nation, One Grid)**નું વીજ કનેકટીવિટી મોડલ અપનાવવામાં આવશે.

- આ ઉપરાંત ભારતમાં **ગેસ ગ્રીડ, જળ ગ્રીડ, આઈ-વે, અને ક્ષેત્રીય એર પોર્ટના વિકાસ** માટે આ વર્ષે એક **બ્લૂપ્રિન્ટ (Blueprint)** લાવવાનો બજેટમાં પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

## નાણાકીય વ્યવસ્થાપન

### બજેટનું કુલ કદ (બજેટનો કુલ ખર્ચ)

આ અગાઉ નાણાકીય વર્ષ **2018-19**માં સુધારેલા અંદાજ અનુસાર બજેટનો કુલ ખર્ચ **રૂ. 24,57,235 કરોડ** હતો.

- જ્યારે વર્ષ **2019-20**ના બજેટના કુલ ખર્ચનો અંદાજ **રૂ. 27,86,349 કરોડ** છે. જે GDPના **13.2 ટકા** છે.
- નાણાકીય વર્ષ **2018-19**ની તુલનાએ આ ખર્ચ **રૂ. 3,29,114 કરોડ** વધારે છે.
- આમ, વર્ષ **2018-19**ની તુલનાએ વર્ષ **2019-20**માં બજેટના કુલ ખર્ચમાં **13.4 ટકા**નો વધારો કરવામાં આવ્યો છે.




## Key Numbers

(in ₹ crore)

| | 2017-18 (Actuals) | 2018-19 (Budget Estimates) | 2018-19 (Revised Estimates) | 2019-20 (Budget Estimates) |
|---|---|---|---|---|
| Revenue Receipts | 14,35,233 | 17,25,738 | 17,29,682 | 19,62,761 |
| Capital Receipts | 7,06,740 | 7,16,475 | 7,27,553 | 8,23,588 |
| Total Receipts | 21,41,973 | 24,42,213 | 24,57,235 | 27,86,349 |
| Total Expenditure | 21,41,973 | 24,42,213 | 24,57,235 | 27,86,349 |
| Revenue Deficit | 4,43,600 | 4,16,034 | 4,10,930 | 4,85,019 |
| Effective Revenue Deficit | 2,52,566 | 2,20,689 | 2,10,630 | 2,77,686 |
| Fiscal Deficit | 5,91,062 | 6,24,276 | 6,34,398 | 7,03,760 |
| Primary Deficit | 62,110 | 48,481 | 46,828 | 43,289 |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રાજકોષીય ખાદ્ય (Fiscal Deficit)

ભારતમાં નાણાકીય વર્ષ 2009-10 દરમિયાન રાજકોષીય ખાદ્ય GDPના 6.6 ટકા હતી.

- જે ભારતમાં નાણાકીય વર્ષ 2003-04થી અત્યાર સુધીની **સૌથી વધુ** રાજકોષીય ખાદ્ય હતી.
- વર્ષ 2018-19માં ભારતમાં રાજકોષીય ખાદ્ય ઘટીને 3.4 ટકા થઈ ગઈ છે.
- અને વર્ષ 2019-20માં તે GDPના 3.3 ટકા રહેવાનો અંદાજ છે.
- જે વર્ષ 2020-21માં ઘટાડીને 3 ટકા કરવાનું સરકારનું લક્ષ્ય છે.
- ત્યારબાદ વર્ષ 2021-22માં પણ ભારતમાં રાજકોષીય ખાદ્ય GDPના 3 ટકા રહેવાનો અંદાજ છે.

## મહેસૂલી ખાદ્ય (Revenue Deficit)

વર્ષ 2018-19માં ભારતમાં મહેસૂલી ખાદ્ય GDPના 2.2 ટકા રહેવાનો અંદાજ હતો.

- જ્યારે વર્ષ 2019-20માં તે વધીને 2.3 ટકા રહેવાનો અંદાજ છે.
- અને વર્ષ 2020-21માં તે 1.9 ટકા તથા વર્ષ 2021-22માં તે ઘટાડીને GDPના 1.7 ટકા કરવાનું સરકારનું લક્ષ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### MEDIUM TERM FISCAL POLICY CUM FISCAL POLICY STRATEGY STATEMENT

FISCAL INDICATORS - ROLLING TARGETS AS A PERCENTAGE OF GDP

Table 1: Fiscal indicators

| | | Revised Estimates 2018-19 | Budget Estimates 2019-20 | (Projections) 2020-21 | (Projections) 2021-22 |
|---|---|---|---|---|---|
| 1. | Fiscal Deficit | 3.4 | 3.3 | 3.0 | 3.0 |
| 2. | Revenue Deficit | 2.2 | 2.3 | 1.9 | 1.7 |
| 3. | Primary Deficit | 0.2 | 0.2 | 0.0 | 0.0 |
| 4. | Gross Tax Revenue | 11.9 | 11.7 | 11.6 | 11.6 |
| 5. | Non-tax Revenue | 1.3 | 1.5 | 1.4 | 1.4 |
| 6. | Central Government debt | 48.4 | 48.0 | 46.2 | 44.4 |
| 7. | Of which Liabilities on account of EBR | | 0.7 | 0.8 | 0.9 |

## વિવિધ ક્ષેત્રોમાંથી સરકારની આવક


ભારત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં સરકારની કુલ આવકમાં સૌથી વધુ 21 ટકા હિસ્સો Corporation Taxનો છે.

- ત્યારબાદ બીજા ક્રમે 20 ટકા હિસ્સો Borrowings and Other Liabilitiesનો છે.
- અને ત્રીજા ક્રમે 19 ટકા હિસ્સો GSTનો છે.
- જ્યારે ચોથા ક્રમે 16 ટકા હિસ્સો Income Taxનો છે.

## વિવિધ ક્ષેત્રોમાં સરકારનો ખર્ચ

ભારત સરકારના વર્ષ 2019-20ના બજેટમાં સરકારના કુલ ખર્ચમાં સૌથી વધુ 23 ટકા હિસ્સો States 'Share of Taxes & Duties' (ટેક્સ અને ડ્યુટીમાં રાજ્ય સરકારના હિસ્સા)નો છે.

- જ્યારે બીજા ક્રમે 18 ટકા હિસ્સો (Interest Payments) પેમેન્ટના વ્યાજનો છે.
- ત્યારબાદ ત્રીજા ક્રમે 13 ટકા હિસ્સો Central Sector Schemes (કેન્દ્ર સરકારની યોજનાઓનો) છે.
- આ ઉપરાંત ચોથા ક્રમે Centrally Sponsored Schemes અને Defence એમ બંનેનો 9-9 ટકા હિસ્સો આ બજેટમાં છે.




## ડિસઈન્વેસ્ટમેન્ટ

નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતમાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા રૂ. 1,05,000 કરોડ એકત્ર કરવાની સરકારની યોજના છે.

- આ અગાઉ વર્ષ 2018-19માં રૂ. 90,000 કરોડનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું હતું.

## FDI

વર્ષ 2018-19 દરમિયાન ભારતમાં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (Foreign Direct Investment) 64.375 બિલિયન ડોલર રહ્યું છે.

- જે ગત વર્ષની તુલનાએ 6 ટકા વધારે છે.

- ભારતમાં વધુ FDI આકર્ષવા માટે બજેટમાં નીચેના પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યા છે :

(1) ભારતમાં ઉડ્ડયન (Aviation), Media (Animation, AVGC) અને વીમા (Insurance) ક્ષેત્રમાં FDIની મર્યાદા વધારવા વિચારણા કરવામાં આવશે.

(2) ભારતમાં વીમા મધ્યસ્થીઓ (Insurance Intermediaries) માટે 100 ટકા FDIને મંજૂરી આપવામાં આવશે.

(3) Single Brand Retailના ક્ષેત્રમાં FDI માટે સ્થાનિક સ્ત્રોતના માપદંડ સરળ કરાશે.

- ભારતમાં સંસ્થાકીય વિદેશી રોકાણને આકર્ષવા માટે 'નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ફંડ' (NIIF)ના માધ્યમથી સરકાર ભારતમાં વાર્ષિક 'Global Investors Meet'નું આયોજન કરવાનું વિચારી રહી છે.
- ભારતમાં અનિવાસી ભારતીયો (NRI) દ્વારા ભારતમાં રોકાણ વધારવા માટે બજેટમાં NRI-Portfolio Investment Scheme Routeને Foreign Portfolio Investment Routeમાં મર્જ કરવાનો બજેટમાં પ્રસ્તાવ છે.

### ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL)

ઉચ્ચ ટેક્નોલોજી અને ઉપગ્રહ લોન્ચ કરવાની ક્ષમતા તથા વૈશ્વિક ઓછી કિંમતે અવકાશ ઉત્પાદનોને કારણે ભારત હાલ સમગ્ર વિશ્વમાં એક મુખ્ય 'અવકાશ શક્તિ' તરીકે ઉભરી રહ્યું છે.

- આથી, ભારતની આ ક્ષમતાનો વ્યાવસાયિક લાભ લેવા માટે 'ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ' નામની એક સરકારી કંપનીની સ્થાપના કરવામાં આવશે.
- ઈસરો દ્વારા કરવામાં આવેલી શોધો અને ટેક્નોલોજીકલ વિકાસનો આર્થિક લાભ લેવા માટે ભારતના અવકાશ વિભાગની એક નવી વાણિજ્યિક શાખા રૂપે આ કંપની કાર્ય કરશે.
- આ કંપની લોન્ચ વ્હીકલનું ઉત્પાદન, ટેક્નોલોજી ટ્રાન્સફર અને સ્પેસ પ્રોડક્ટના માર્કેટિંગ સહિત વિવિધ અવકાશ ઉત્પાદનોના વ્યવસાયનું નેતૃત્વ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિવિધ ક્ષેત્રોમાં બજેટમાં કરવામાં આવેલી મહત્ત્વની જાહેરાતો

### શિક્ષણ તથા યુવાનો માટે

ભારતમાં વિશ્વ સ્તરીય શિક્ષણ સંસ્થાઓના નિર્માણ માટે બજેટમાં રૂ. 400 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

- સ્કૂલ તથા ઉચ્ચ શિક્ષણમાં સુધારા માટે નવી શિક્ષણ નીતિ લાવવામાં આવશે.
- મહત્ત્વના ક્ષેત્રોમાં સંશોધન માટે National Research Foundation (NRF)ની સ્થાપના કરવામાં આવશે.
- 'ખેલો ઈન્ડિયા' અંતર્ગત ભારતમાં ખેલાડીઓના વિકાસ માટે 'National Sports Education Board'ની સ્થાપના કરવામાં આવશે.
- વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે લાવવા 'Study in India' પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવશે.
- ભારતમાં Higher Education Commission of India (HECI)ની સ્થાપના માટે મુસદ્દો ઘડવા પ્રસ્તાવ.
- સ્ટાર્ટ અપ્સ માટે દિલ્હી દૂરદર્શનની ચેનલો પર તેમના દ્વારા જ વિશેષ ટી.વી. કાર્યક્રમ શરૂ કરવાનો પ્રસ્તાવ.

### ગ્રામીણ ભારત

વર્ષ 2022 સુધીમાં ભારતના તમામ ગ્રામીણ પરિવારોને વીજળી અને LPG ગેસ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

- આ ઉપરાંત 'પ્રધાનમંત્રી આવાસ યોજના' અંતર્ગત વર્ષ 2022 સુધીમાં 'સૌને ઘરનું ઘર' ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય.

## પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણ

- પ્રધાનમંત્રી આવાસ યોજના - ગ્રામીણના બીજા ચરણમાં 2019-20 થી 2021-22 દરમિયાન ભારતમાં પાત્રતા ધરાવતા લાભાર્થીઓને વીજળી, ટોયલેટ અને LPG કનેક્શન સાથેના 1.95 કરોડ મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ યોજના અંતર્ગત છેલ્લા પાંચ વર્ષોમાં 1.54 કરોડ ગ્રામીણ ઘરોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ યોજના અંતર્ગત ઘરના નિર્માણ માટે વર્ષ 2015-16માં સરેરાશ 314 દિવસ જેટલો સમય લાગતો હતો. ટેક્નોલોજીના ઉપયોગથી વર્ષ 2017-18માં તે ઘટીને 114 દિવસ થઈ ગયો છે.

## પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના

- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના (PMMSY) અંતર્ગત માછીમારોના વિકાસ માટે મત્સ્ય વિભાગ દ્વારા Fisheries Management Frameworkની સ્થાપના કરવામાં આવશે.

## પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના-III

- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના ત્રીજા ચરણ(PMGSY III)માં આગામી પાંચ વર્ષમાં રૂ. 80,250 કરોડના ખર્ચે ભારતમાં 1,25,000 કિમી લંબાઈના રોડનું નિર્માણ કરવામાં આવશે.

## નવી 'SFURTI' યોજનાની જાહેરાત

- પરંપરાગત ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં નવી SFURTI (સ્ફૂર્તિ) યોજનાની જાહેરાત કરવામાં આવી છે.
- SFURTI યોજનાનું પૂરું નામ 'Scheme of Fund for Upgradation and Regeneration of Traditional Industries' (પરંપરાગત ઉદ્યોગોના સુધારા અને પુનર્જીવન માટે ભંડોળની યોજના) છે.
- આ માટે વર્ષ 2019-20 દરમિયાન વાંસ, મધ અને ખાદીના ક્ષેત્રમાં વિશેષ ધ્યાન આપીને 100 નવા ક્લસ્ટર તૈયાર કરવામાં આવશે.
- જેનાથી 50,000 જેટલા ગ્રામીણ કારીગરોને રોજગારી મળશે.

## ASPIRE યોજના

Scheme for Promotion of Innovation, Rural Industry and Entrepreneurship (ASPIRE) નામની એકીકૃત યોજના અંતર્ગત –

- વર્ષ 2019-20 દરમિયાન 80 Livelihood Business Incubators (LBIs) અને 20 Technology Business Incubators (TBIs)ની સ્થાપના કરવામાં આવશે.
- કૃષિ-ગ્રામીણ ઉદ્યોગ ક્ષેત્રે 75,000 ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપવામાં આવશે.

## Farmer Producer Organizations

ખેડૂતોની બહેતર આર્થિક સ્થિતિ સુનિશ્ચિત કરવા માટે 10,000 નવા Farmer Producer Organizations (FPO) (ખેડૂત ઉત્પાદન સંઘ) બનાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Zero Budget Farming

બજેટમાં ખેડૂતો માટે 'ઝીરો બજેટ ફાર્મિંગ' પર ભાર મૂકીને પરંપરાગત બુનિયાદી પદ્ધતિથી ખેતી કરવા માટે હિમાયત કરવામાં આવી છે.

- 'ઝીરો બજેટ ફાર્મિંગ' એ કુદરતી ખેતીનું ખર્ચા વગરનું એક સ્વરૂપ છે.
- તેમાં રાસાયણિક ખાતર જેવા બાહ્ય ખર્ચાળ પદાર્થો વિના જ ખેતી કરવામાં આવે છે.
- આ ઉપરાંત બજેટમાં હરિત ઊર્જા ઉત્પાદન દ્વારા ખેડૂતોને અન્નદાતામાંથી ઊર્જાદાતા બનાવવાની બજેટમાં વાત કરવામાં આવી છે.

**નોંધ :** નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને બજેટ ભાષણમાં 'સરકારની તમામ યોજનાઓના કેન્દ્રમાં ગામડું, ગરીબો અને ખેડૂતો હોવાનું' જણાવ્યું હતું.

## ભારતમાં જળ સુરક્ષા

ભારતમાં નવા સ્થપાયેલા 'જળ શક્તિ મંત્રાલય' દ્વારા ભારતના જળ સંસાધનો અને પાણી પૂરવઠાના મેનેજમેન્ટની એકીકૃત અને સર્વગ્રાહી રીતે દેખરેખ રાખવામાં આવશે.

## જળ જીવન મિશન

ભારતમાં 'નલ સે જલ' તથા 'હર ઘર જલ'ના લક્ષ્યને પૂરું કરવા માટે 'જળ જીવન મિશન' લોન્ચ કરવામાં આવ્યું છે.

- આ મિશન અંતર્ગત વર્ષ 2024 સુધીમાં ભારતના તમામ ગ્રામીણ પરિવારોને પાઈપ તથા નળ દ્વારા તેમના ઘરે જ પાણી મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવશે.
- આ લક્ષ્યની પૂર્તિ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓને એક સાથે જોડવામાં આવશે.
- આ મિશન અંતર્ગત દેશના દરેક ગામોના દરેક પરિવારોને સતત પાણી મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે 'જળ સંચય' જેવા કાર્યો પણ કરવામાં આવશે.
- આ મિશન ભારત સરકારના પીવાનું પાણી અને સ્વચ્છતા વિભાગ અંતર્ગત સ્થાનિક સ્તરે જળની માંગ અને તેની આપૂર્તિ તથા તેના મેનેજમેન્ટ પર ધ્યાન કેન્દ્રીત કરશે.

**નોંધ :** આ અગાઉ લોન્ચ કરવામાં આવેલા જલ શક્તિ અભિયાન માટે ભારતના 256 જિલ્લાના 1592 બ્લોકને અલગ તારવવામાં આવ્યા છે. જ્યાં પાણીની અછત સૌથી વધુ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્વચ્છ ભારત અભિયાન

- 2 ઓક્ટોબર, 2014થી આ અભિયાન અંતર્ગત ભારતમાં 9.6 કરોડ ટોયલેટનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- 5.6 લાખથી વધુ ગામ ખુલ્લામાં કુદરતી હાજતથી મુક્ત થયા છે.
- હવે દરેક ગામમાં કાયમી સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શરૂ કરવા માટે 'સ્વચ્છ ભારત અભિયાન'નો વ્યાપ વધારવામાં આવશે.
- ભારતના 95 ટકા શહેરો હાલ ODF (Open Defecation Free) એટલે કે ખુલ્લામાં શૌચથી મુક્ત થઈ ગયા છે.
- 2 ઓક્ટોબર, 2019 સુધીમાં સમગ્ર દેશને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવામાં આવશે.
- 2 ઓક્ટોબર, 2019ના રોજ નવી દિલ્હીમાં ગાંધી દર્શન, રાજઘાટ ખાતે 'રાષ્ટ્રીય સ્વચ્છતા કેન્દ્ર'નો પ્રારંભ કરવામાં આવશે.
- ગાંધી મૂલ્યોના પ્રસાર માટે 'રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ' દ્વારા 'ગાંધી પીડિયા'નો વિકાસ કરવામાં આવશે.

## પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન

ભારતમાં પ્રધાનમંત્રી ગ્રામીણ ડિજિટલ સાક્ષરતા અભિયાન અંતર્ગત બે કરોડથી વધુ ગ્રામજનોને ડિજિટલી સાક્ષર બનાવવામાં આવ્યા છે.

- ભારત-નેટ યોજના અંતર્ગત દેશની તમામ ગ્રામ પંચાયતોમાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

## પ્રધાનમંત્રી આવાસ યોજના-શહેરી

આ યોજના અંતર્ગત લગભગ 81 લાખ ઘરોના નિર્માણ માટે રૂ. 4.83 લાખ કરોડના રોકાણની મંજૂરી આપવામાં આવી છે.

- જેમાંથી 47 લાખ ઘરોના નિર્માણનું કાર્ય શરૂ થઈ ગયું છે.

## સ્ટેન્ડ અપ ઈન્ડિયા યોજના

- 'સ્ટેન્ડ અપ ઈન્ડિયા' યોજનાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. વર્ષ 2020 થી 2025 સુધી પણ આ યોજના અમલમાં રહેશે.
- આ યોજના અંતર્ગત સ્ટાર્ટ અપ માટે બેંક માંગને આધારે વ્યાપાર માટે નાણાકીય સહાયતા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## મહિલાઓ માટેની યોજના

ભારતના નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામને બજેટ ભાષણમાં મહિલાઓ માટે 'નારી તુ નારાયણી' સૂત્રનો પ્રયોગ કર્યો હતો.

- સેલ્ફ હેલ્પ ગ્રુપ સાથે જોડાયેલી તમામ મહિલાઓને તેમના જન ધન ખાતામાંથી રૂ. 5000ના ઓવરડ્રાફ્ટની (એટલે કે ખાતામાં ઝીરો બેલેન્સ હોય તો પણ પૈસા ઉપાડવાની) સુવિધા મળશે.
- સેલ્ફ હેલ્પ ગ્રુપ સાથે જોડાયેલી મહિલાઓમાંથી ગ્રુપ દીઠ એક મહિલાને મુદ્રા યોજના અંતર્ગત રૂ. 1 લાખ સુધીની લોન મળશે.
- દેશના વિકાસ અને ગ્રામીણ અર્થતંત્રમાં મહિલાઓની ભાગીદારી વધે તે માટે એક સમિતિની રચના કરાશે.
- મહિલા સેલ્ફ હેલ્પ ગ્રુપ માટે વ્યાજ સબસીડી કાર્યક્રમને હવે તમામ જિલ્લાઓમાં અમલમાં મૂકવામાં આવશે.

## ભારતનો સોફ્ટ પાવર

ભારતનો પાસપોર્ટ ધરાવતા અનિવાસી ભારતીય (NRI)ને અગાઉ આધાર કાર્ડ માટે 180 દિવસ સુધી રાહ જોવી પડતી હતી.

- હવે તેમના ભારત આગમન સમયે એરપોર્ટ પર જ તેમને પાસપોર્ટ મળી જાય એવી વ્યવસ્થા કરવામાં આવશે.
- પરંપરાગત વ્યવસાય સાથે જોડાયેલા ભારતીય કારીગરોને વૈશ્વિક બજારો સાથે જોડવા માટે જરૂરી પેટન્ટ અને GI ટેગ ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- માર્ચ, 2018માં સરકારે આફ્રિકામાં 18 નવા દૂતાવાસ ખોલવાની મંજૂરી આપી હતી. જેમાંથી પાંચ ખોલવામાં આવ્યા છે અને અન્ય ચાર દૂતાવાસ 2019-20માં ખોલવામાં આવશે.
- વિશ્વ સ્તરીય પ્રવાસન સ્થળોના મોડલ રૂપે ભારતના 17 પ્રવાસન સ્થળોને વિકસાવવામાં આવી રહ્યા છે.

## બેન્ક અને નાણાકીય સેક્ટર

ભારત સરકાર દ્વારા લાવવામાં આવેલ Insolvency and Bankruptcy Code, 2016 તથા અન્ય પગલાઓને કારણે ભારતમાં છેલ્લા ચાર વર્ષમાં રૂ. ચાર લાખ કરોડની બેન્ક NPA (Non Performing Asset)ની રીકવરી કરવામાં આવી છે.

- એક વર્ષમાં NPA 1 લાખ કરોડ રૂપિયા ઘટી છે.
- ભારતમાં ઘરેલુ ઋણ વૃદ્ધિ દર વધીને 13.8 ટકા થઈ ગયો છે.
- ભારતમાં જાહેર ક્ષેત્રની બેન્કોની લોન આપવાની ક્ષમતા વધારવા આ બેન્કો માટે બજેટમાં રૂ. 70,000 કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

## નોન બેન્કિંગ ફાઈનાન્સ કંપની-NBFC

બજેટમાં નોન બેન્કિંગ કંપનીઓ પર રિઝર્વ બેન્કના નિયામક અધિકારો વધારવા માટે પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

- NBFCને પબ્લિક ઈસ્યૂ દ્વારા નાણા મેળવવા માટે DRRનું સર્જન કરવાની આવશ્યકતા સમાપ્ત કરવામાં આવશે.
- આવાસ સંબંધી તમામ ફાઈનાન્સ સેક્ટરના નિયમનનો અધિકાર NHB પાસેથી પાછો લઈને ફરીથી RBIને સોંપવાનો પ્રસ્તાવ.
- 'Net Owned Funds'ની જરૂરિયાત રૂ. 5,000 કરોડથી ઘટાડીને રૂ. 1,000 કરોડ કરવાનો પ્રસ્તાવ.
- ભારતમાં આંતરરાષ્ટ્રીય વીમા વ્યાપારની સુવિધા શરૂ કરવાનો પ્રસ્તાવ.
- આંતરરાષ્ટ્રીય નાણાકીય સેવા સેન્ટરોમાં વિદેશી વીમાકર્તાઓની શાખા શરૂ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.

## અન્ય નાણાકીય બાબતો

સરકાર 'એર ઈન્ડિયા'માં રોકાણની રણનીતિ ફરીથી શરૂ કરશે. અને જાહેર ક્ષેત્રોને તથા સાથે સાથે જાહેર ક્ષેત્રોની રણનીતિક ભાગીદારી માટે CPSEને વધારે તક આપવામાં આવશે.

- સરકાર PSU (Public Sector Undertakings)માં પોતાની 51 ટકા ભાગીદારી જાળવી રાખવી કે પછી તેમાં ઘટાડો કરવો એ અંગે વિચારણા કરી રહી છે.
- સરકાર તમામ નોંધાયેલા જાહેર એકમોમાં જનતાની 25 ટકા ભાગીદારીના માપદંડના પાલનને સુનિશ્ચિત કરશે.
- દૃષ્ટિહિન લોકો પણ જેનો સરળતાથી ઉપયોગ કરી શકે એવા 1, 2, 5, 10 અને 20 રૂપિયાના નવા સિક્કા ટૂંક સમયમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- સામાજિક કલ્યાણ માટે કાર્ય કરતા સ્વૈચ્છિક અને સામાજિક સંગઠનો માટે સોશિયલ સ્ટોક એક્સચેન્જની રચના કરાશે.

## ડિજિટલ પેમેન્ટ

ભારતમાં ડિજિટલ પેમેન્ટને વેગ આપવા માટે બેન્ક ખાતામાંથી એક વર્ષમાં એક કરોડથી વધુ રોકડ રકમ ઉપાડવા પર 2 ટકા TDS કાપવામાં આવશે.

- વાર્ષિક 50 કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ પોતાના ગ્રાહકોને કોઈપણ પ્રકારના વધારાના ચાર્જ વગર ડિજિટલ પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ કરાવી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવશે.
- આ માટે વેપારી કે ગ્રાહકો પાસેથી કોઈ વધારાનો MDR ટેક્સ લેવામાં આવશે નહિ.
- બેન્ક ખાતા ધારકની પરવાનગી વિના અન્ય વ્યક્તિ તેના ખાતામાં રોકડ જમા કરાવી શકશે નહીં તેવી વ્યવસ્થા કરવા વિચારણા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## MSME

- **'પ્રધાનમંત્રી કર્મયોગી માન ધન'** યોજના અંતર્ગત વાર્ષિક **1.5 કરોડથી ઓછું ટર્નઓવર** ધરાવતા લગભગ **3 કરોડ** જેટલા નાના વેપારીઓ અને દુકાનદારોને પેન્શન લાભ મળશે.
- આ યોજના અંતર્ગત તેમને 60 વર્ષની ઉંમરથી દર મહિને 3,000 રૂપિયા પેન્શન મળશે.
- આ માટે ડોક્યુમેન્ટમાં ફક્ત **આધારકાર્ડ** અને **બેંક ખાતુ** જ જરૂરી છે.
- MSMEની વ્યાજ સબસીડી યોજના અંતર્ગત **2 ટકા** વ્યાજ સબસીડી આપવા વર્ષ 2019-20 માટે બજેટમાં **રૂ. 350 કરોડ**ની જોગવાઈ.
- MSME માટે **Payment Platform** બનાવવામાં આવશે. જેથી સરકારી પેમેન્ટ ચૂકવવામાં મોડુ ન થાય.
- ભારતમાં વિકસાવવામાં આવેલી પરિવહન માટેની પ્રથમ સિસ્ટમ **National Common Mobility Card (NCMC)** માર્ચ 2019માં લોન્ચ કરવામાં આવ્યું છે. આ કાર્ડ બસમાં યાત્રા, ટોલ ટેક્સ ચૂકવવા, પાર્કિંગ ટેક્સ આપવા તથા રિટેલ શોપિંગ માટે ઉપયોગી થશે.

## બજેટમાં ટેક્સમાં પરિવર્તન

(1) ભારતમાં અત્યાર સુધી વાર્ષિક **250 કરોડ** સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ પર **25 ટકા** અને તેનાથી વધુ ટર્નઓવર ધરાવતી કંપનીઓ પર **30 ટકા કોર્પોરેટ ટેક્સ** લાદવામાં આવ્યો હતો.

- હવે ભારતમાં **રૂ. 400 કરોડ** સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ પાસેથી **25 ટકા** કોર્પોરેટ ટેક્સ વસૂલવામાં આવશે.
- સરકારના આ નિર્ણયથી દેશની **99.30 ટકા** કંપનીઓ 25 ટકાની મર્યાદામાં આવી જશે.

(2) આ બજેટમાં ઈન્કમ ટેક્સના સ્લેબમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. વાર્ષિક **રૂપિયા 5 લાખ** સુધીની કરમુક્ત આવક યથાવત્ રાખવામાં આવી છે.

(3) બજેટમાં ન્યૂઝ પ્રિન્ટ પર **10 ટકા** કસ્ટમ ડ્યૂટી લાદવાનો પ્રસ્તાવ છે.

(4) હવે **2 થી 5 કરોડ રૂ.** સુધીની વાર્ષિક આવક ધરાવતા ધનવાનોને **3 ટકા** અને **5 કરોડથી વધુ** આવક ધરાવતા ધનવાનોને **7 ટકા સરચાર્જ** ચૂકવવો પડશે.

(5) **રૂ. 50 લાખથી વધુ**ની પ્રોફેશનલ ફી પર હવે **5 ટકા TDS** લાગશે. વ્યક્તિગત મકાનના કોન્ટ્રાક્ટ, વકીલ, એન્જીનીયર વગેરેની ફી પર આ નિયમ લાગુ પડશે.

(6) **'મેક ઈન ઈન્ડિયા'**નો લક્ષ્યાંક પૂરો કરવા માટે કેટલીક વસ્તુઓ પરની બેઝિક **કસ્ટમ ડ્યુટી વધારવામાં** આવશે.

(7) દેશના પબ્લિશર્સ અને પ્રિન્ટિંગ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે **ઈમ્પોર્ટેડ પુસ્તકો** પર **5 ટકા** કસ્ટમ ડ્યુટી નાખવામાં આવશે.

(8) **સોનું તથા અન્ય કીમતી ધાતુઓ** પરની કસ્ટમ ડ્યુટી **10 ટકા**થી વધારીને **12.5 ટકા** કરવામાં આવી છે.

(9) **Ujjwal Discom Assurance Yojana (UDAY)** અંતર્ગત ઔદ્યોગિક રીતે અને અન્ય રીતે વીજળીનો વધુ વપરાશ કરતા ગ્રાહકો માટે **ક્રોસ સબસીડી સરચાર્જ** તથા **અન્ય બિનજરૂરી ટેક્સ** હટાવવામાં આવશે.

(10) **પેટ્રોલ અને ડિઝલ** પર પ્રતિ લિટર **એક્સાઈઝ ડ્યુટી**માં **રૂપિયા 1**નો અને **સેસ**માં પણ **રૂપિયા 1**નો વધારો કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# બજેટમાં કરવામાં આવેલા કેટલાક અગત્યના નિર્ણયો

(1) મકાન ભાડે આપવાની પ્રવૃત્તિના શ્રેષ્ઠ ઉપયોગ માટે સરકાર **'Model Tenacy Law' (મોડલ ભાડા કાનૂન)**ને અંતિમ રૂપ આપીને રાજ્ય સરકારને સોંપશે.

(2) ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વર્ષ **2019-20**માં **'Credit Guarantee Enhancement Corporation'**ની સ્થાપના કરવામાં આવશે.

(3) **Electronic Fund Raising Platform**ને **SEBI**ના નિયમન હેઠળ લાવવામાં આવશે.

(4) નોંધાયેલી કંપનીઓમાં ન્યૂનતમ Public Share Holding **25 ટકા**થી વધારીને **35 ટકા** કરવા અંગે SEBI વિચારણા કરશે.

(5) કંપનીમાં FPI ઈન્વેસ્ટમેન્ટ માટેની લિમિટ **24 ટકા**થી વધારીને **ક્ષેત્રીય વિદેશી રોકાણ મર્યાદા સુધી** વધારવા માટે પ્રસ્તાવ.

(6) હવે **પાનકાર્ડ**ની જગ્યાએ **આધારકાર્ડ**નો પણ ઉપયોગ કરી શકાશે. ભારતમાં અત્યાર સુધી IT રિટર્ન ભરવા માટે પાનકાર્ડ જરૂરી હતું. હવે પાનકાર્ડ ન હોય તો આધારકાર્ડ દ્વારા પણ IT રિટર્ન ભરી શકાશે. આ ઉપરાંત અન્ય જગ્યાએ પણ પાનકાર્ડની જગ્યાએ આધારકાર્ડનો ઉપયોગ કરી શકાશે.

(7) હવે પહેલેથી જ ભરેલુ ઈન્કમ ટેક્સ રિટર્ન ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી તેમાં વધારે માહિતી ભરવી ન પડે.

(8) 31 માર્ચ, 2020 સુધીમાં ખરીદવામાં આવેલા **રૂ. 45 લાખ**ની કિંમત સુધીના મકાનની લોનના વ્યાજમાં **રૂ. 1.5 લાખ**ની વધારાની કર રાહત મળશે. આથી, અગાઉની **રૂ. 2 લાખ**ની જગ્યાએ હવે **રૂ. 3.5 લાખ**ની કર રાહત મળશે.

(9) ભારતમાં **સોલાર સ્ટવ અને બેટરી ચાર્જરો**નો ઉપયોગ વધારવા માટે **LED બલ્બ મિશન પદ્ધતિ**નો ઉપયોગ કરવામાં આવશે.

(10) ભારતમાં રેલવે સ્ટેશનોને વધુ સુવિધાજનક બનાવવા માટે **'રેલવે સ્ટેશન આધુનિકીકરણ'** કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે.

(11) હવે નીચેના લોકોએ ફરજિયાત આવકવેરા રિટર્ન ભરવું પડશે :

- (i) કરન્ટ બેન્ક ખાતામાં **રૂ. 1 કરોડથી વધુ** જમા કરાવનાર વ્યક્તિ.
- (ii) **રૂ. 1 લાખથી વધુ** વીજ બીલની ચૂકવણી કરનાર વ્યક્તિ.
- (iii) 1 વર્ષમાં વિદેશયાત્રામાં **રૂ. બે લાખથી વધુ** ખર્ચ કરનાર વ્યક્તિ.

(12) વાર્ષિક **રૂ. પાંચ કરોડ**થી ઓછું ટર્નઓવર ધરાવતા એકમોને **દર મહિના**ને બદલે **ત્રણ મહિનામાં એક વખત** GST રિટર્ન ભરવું પડશે. આ ઉપરાંત ભારતમાં હવે **સંપૂર્ણ ઓટોમેટિક GST રિફન્ડ મોડ્યુલ**નો અમલ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના બજેટ વિશે અન્ય અગત્યની માહિતી

- ભારત હાલ કઠોળના ઉત્પાદનમાં આત્મનિર્ભર થઈ ગયો છે. હવે તેલિબિયાના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ્ય છે.
- 'Paying Taxes'ની કેટેગરીમાં ભારતનો 'Ease of Doing Business Rank' વર્ષ 2017ના 172થી સુધરીને વર્ષ 2019માં 121 થઈ ગયો છે.
- છેલ્લા પાંચ વર્ષમાં ભારતમાં પ્રત્યક્ષ ટેક્સની આવકમાં 78 ટકાનો વધારો થયો છે. વર્ષ 2013-14માં તે રૂ. 6.4 લાખ કરોડ હતી. જે વર્ષ 2018-19માં વધીને રૂ. 11.37 લાખ કરોડ થઈ ગઈ છે.
- ભારતમાં વર્ષ 2009થી 2014ની તુલનાએ 2014થી 2019 દરમિયાન ખાદ્ય સુરક્ષા પર દર વર્ષે સરેરાશ ડબલ ખર્ચ કરવામાં આવ્યો છે.
- વર્ષ 2014માં આપવામાં આવેલા પેટન્ટની તુલનાએ 2017-18માં ભારતમાં ત્રણ ગણાથી વધુ પેટન્ટ આપવામાં આવ્યા છે.
- વર્ષ 2018-19માં સુધારેલા અંદાજ અનુસાર ભારતનું સંરક્ષણ બજેટ રૂ. 2,85,423 કરોડ હતું. જે વર્ષ 2019-20માં આશરે 7 ટકા વધારીને રૂ. 3,05,296 કરોડ કરવામાં આવ્યું છે. ભારતનું સંરક્ષણ બજેટ સૌપ્રથમ વખત રૂ. 3 લાખ કરોડથી વધારે થઈ ગયું છે.
- વર્ષ 2019-20માં ભારત સરકારના ગૃહ મંત્રાલય માટે રૂ. 1,03,927 કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ભારત સરકારનું ગૃહ મંત્રાલયનું બજેટ સૌપ્રથમ વખત રૂ. 1 લાખ કરોડથી વધારે થઈ ગયું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં બજેટનો ઈતિહાસ

(1) ભારતમાં સૌપ્રથમ 18 ફેબ્રુઆરી 1860ના રોજ બ્રિટિશ સરકારના નાણાંમંત્રી શ્રી જેમ્સ વિલ્સને બજેટ રજૂ કર્યું હતું. તેથી જેમ્સ વિલ્સનને ભારતીય બજેટ પદ્ધતિના પિતા કહેવામાં આવે છે.

(2) આઝાદી બાદ ભારતનું પ્રથમ બજેટ નાણાં મંત્રી શ્રી આર. કે. શણમુખમ શેટ્ટીએ 26 નવેમ્બર, 1947ના રોજ રજૂ કર્યું હતું. જયારે પ્રજાસત્તાક ભારતનું પ્રથમ બજેટ શ્રી જોન મથાઈએ રજૂ કર્યું હતું.

(3) ભારતમાં 1921માં વિલિયમ એકવર્થ સમિતિની ભલામણથી રેલવે બજેટને કેન્દ્રીય બજેટથી અલગ કરવામાં આવ્યું હતું. અને તે સૌપ્રથમ 1924માં રજૂ થયું હતું.

(4) ત્યારબાદ 1924 થી 2016 સુધી રેલવે બજેટ કેન્દ્રીય બજેટથી અલગ રજૂ થતું હતું.

(5) જોકે વર્ષ 2017થી રેલવે બજેટને કેન્દ્રીય બજેટ સાથે મર્જ કરવામાં આવ્યું છે. આથી વર્ષ 2016માં રજૂ થયેલું રેલવે બજેટ ભારતનું અંતિમ સ્વતંત્ર રેલવે બજેટ હતું.

(6) વર્ષ 2016માં ભારતનું અંતિમ રેલવે બજેટ રજૂ કરનાર ભારતના રેલવે મંત્રી શ્રી સુરેશ પ્રભુ હતા.

(7) ભારતમાં વર્ષ 2016 સુધી સામાન્ય બજેટ ફેબ્રુઆરી મહિનાના અંતિમ કામકાજના દિવસે રજૂ કરવામાં આવતું હતું. પરંતુ વર્ષ 2017થી બજેટ 1 ફેબ્રુઆરીના રોજ રજૂ કરવામાં આવે છે.

(8) ફેબ્રુઆરી, 2019 સુધીમાં ભારતમાં સૌથી વધુ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ શ્રી મોરારજીભાઈ દેસાઈના નામે છે.

(9) **શ્રી મોરારજીભાઈ દેસાઈ**એ સૌથી વધુ **10 વખત** ત્યારબાદ **શ્રી પી. ચિદમ્બરમે** **9 વખત** અને **શ્રી પ્રણવ મુખર્જી**એ **8 વખત** બજેટ રજૂ કર્યું છે.

(10) આ ઉપરાંત **29 ફેબ્રુઆરી**ને પોતાના **જન્મદિવસે** બજેટ રજૂ કરનાર **શ્રી મોરારજીભાઈ દેસાઈ** ભારતના એકમાત્ર નાણામંત્રી છે.

(11) ભારતનું બજેટ રજૂ કરનાર પ્રથમ મહિલા નાણામંત્રી **શ્રીમતી ઈન્દિરા ગાંધી** છે.

(12) ભારતમાં **26 નવેમ્બર, 1947**ના રોજ **શ્રી આર. કે. શણમુખમ શેટ્ટી**એ રજૂ કરેલું ભારતનું પ્રથમ બજેટ ફક્ત **સાડા સાત મહિનાનું** હતું. આથી, તેને ભારતનું **પ્રથમ** **'Interim Budget'** માનવામાં આવે છે.

## ભારતમાં બજેટ અંગેની બંધારણીય જોગવાઈ

(1) બજેટ માત્ર **લોકસભા**માં જ રજૂ થાય છે અને રાજ્યસભામાં માત્ર સહમતી માટે મોકલાય છે.

(2) રાજ્યસભા બજેટમાં કોઈ સુધારો કે તેનો અસ્વીકાર કરી શકશે નહિ, પરંતુ ફક્ત સલાહ આપી શકે છે અને **14 દિવસ**માં રાજ્યસભાએ બજેટને પરત મોકલવાનું રહેશે.

(3) લોકસભા રાજ્યસભાની ભલામણોનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે.

(4) ભારતીય બંધારણના **અનુચ્છેદ-112**માં બજેટને લગતી જોગવાઈ કરવામાં આવી છે.

(5) ભારતીય બંધારણમાં **બજેટ (અંદાજપત્ર)** શબ્દનો પ્રયોગ થયો નથી. બંધારણના **અનુચ્છેદ-112**માં **વાર્ષિક નાણાંકીય પત્રક/વાર્ષિક નાણાકીય આવક-જાવકના વિવરણની** જોગવાઈ કરવામાં આવી છે.

(6) **રાષ્ટ્રપતિ** દરેક નાણાંકીય વર્ષમાં **કેન્દ્રીય નાણાં મંત્રી દ્વારા સંસદમાં** બજેટ રજૂ કરાવે છે.

(7) ભારતીય બંધારણના **અનુચ્છેદ 116**માં **લેખાનુદાન (Vote on Account)**ની જોગવાઈ કરવામાં આવી છે.

## ભારતમાં બજેટ પસાર કરવાની પ્રક્રિયા

(1) ભારતમાં **નાણાં મંત્રાલય** દ્વારા બજેટ તૈયાર કરવામાં આવે છે.

(2) આ બજેટ ભારતના **રાષ્ટ્રપતિ** વતી ભારતના નાણામંત્રી દ્વારા **લોકસભા**માં રજૂ કરવામાં આવે છે. ત્યારબાદ તેને સહમતી માટે રાજ્યસભામાં મોકલવામાં આવે છે.

(3) બજેટ રજૂ થયા બાદ બંને ગૃહમાં ત્રણથી ચાર દિવસ **બજેટ પર સામાન્ય ચર્ચા** થાય છે.

(4) બજેટ પર સામાન્ય ચર્ચા પૂરી થયા પછી સંસદને ત્રણ કે ચાર અઠવાડિયા સુધી સ્થગિત કરવામાં આવે છે. આ સમયગાળા દરમિયાન **સંસદની સ્થાયી સમિતિઓ અનુદાનની માંગણીઓની ચકાસણી કરીને તેના પર રિપોર્ટ તૈયાર કરે છે.** આ રિપોર્ટ બંને ગૃહોમાં વિચાર માટે મોકલાય છે.

(5) વિભાગીય સ્થાયી સમિતિઓની ચકાસણી બાદ **લોકસભામાં અનુદાનની માંગણીઓ પર મતદાન થાય છે.**

(6) ત્યારબાદ બંધારણના **અનુચ્છેદ-114** મુજબ સંચિત ભંડોળમાંથી નાણાં મેળવવા માટે **વિનિયોગ ખરડો સંસદમાં રજૂ કરવામાં આવે છે.**

(7) વિનિયોગ ખરડો રજૂ થયા બાદ **નાણાંકીય ખરડો પસાર કરવામાં આવે છે.** (નાણાંકીય ખરડો બજેટના દરેક પક્ષને કાયદાકીય માન્યતા પ્રાપ્ત કરાવે છે અને બજેટને પ્રભાવી સ્વરૂપ આપે છે.)

(8) ત્યારબાદ બજેટને **રાષ્ટ્રપતિ**ની મંજૂરી માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિની મંજૂરી બાદ બજેટ અમલમાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# અંદાજપત્ર : એક પરિચય

સરકાર દ્વારા આવનારા નાણાકીય વર્ષ માટે રજૂ કરવામાં આવનાર ખર્ચ અને આવકના અંદાજોના હિસાબપત્રને અંદાજપત્ર કહેવામાં આવે છે.

- અંદાજપત્ર આવનારા વર્ષના આવક–ખર્ચના અંદાજિત હિસાબો દર્શાવે છે.
- **અંદાજપત્રની મુખ્ય બાબતો :**
  - અંદાજપત્ર ખર્ચ અને આવકના અંદાજિત આંકડા આપે છે.
  - તે આવનારા નાણાકીય વર્ષના સંદર્ભે જ રજૂ થાય છે, માટે આ અંદાજો ચોક્કસ સમયગાળા માટે છે એમ કહી શકાય.
  - દરેક સરકારના અંદાજપત્રનો મુખ્ય હેતુ દેશના આર્થિક વિકાસ અને પ્રજાના કલ્યાણનો છે.
  - દરેક સરકારે પોતાના અંદાજપત્રને અમલમાં મૂકતા પહેલાં લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સભાની મંજૂરી મેળવવી પડે છે.
  - અંદાજપત્ર સામાન્ય રીતે કેન્દ્ર કે રાજ્ય સરકારના નાણામંત્રી રજૂ કરે છે.

**અંદાજપત્રના પ્રકારો**

- સમતોલ અંદાજપત્ર
- અસમતોલ અંદાજપત્ર
  - ખાદ્યવાળું
  - પુરાંતવાળું

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સમતોલ અંદાજપત્ર

- આવક અને ખર્ચના વાસ્તવિક અંદાજો પ્રમાણે સમતોલ અંદાજપત્ર એટલે એવું અંદાજપત્ર કે જ્યાં સરકારનો અંદાજિત ખર્ચ તેની અંદાજિત આવક જેટલો જ હોય.
- આ આદર્શ સ્થિતિ, જ્યાં સરકારના ખર્ચ અને આવકના અંદાજો સરખા હોય. વિકસતા દેશો માટે આવું અંદાજપત્ર બિનવ્યવહારું છે. જ્યારે અમુક વિકસિત દેશોમાં સંરક્ષણ અને વૃદ્ધિ–દર વધારવા માટે રાજ્ય વધુ ખર્ચ કરે છે અને અંદાજપત્ર વાસ્તવમાં સમતોલ હોતું નથી.

**સમતોલ અંદાજપત્રના ફાયદા :**

- આર્થિક સ્થિરતા જળવાઈ રહે છે.
- આવક અને ખર્ચના અંદાજો સરખા રહે તે માટે સરકાર બિનજરૂરી ખર્ચ તથા બિનજરૂરી વેરા ઘટાડે છે.
- પ્રજા પર બોજ વધતો નથી.

**સમતોલ અંદાજપત્રના ગેરફાયદા :**

- સરકાર સમતોલ અંદાજપત્ર ટકાવવા માટે જરૂરી ખર્ચા ઘટાડે તો પ્રજાના કલ્યાણ પર અસર કરે છે.
- સરકાર ખર્ચ ન ઘટાડે અને સમતોલ અંદાજપત્ર જાળવવા વેરા વધારે તો પ્રજા પર બોજ વધે, તો તે આર્થિક વિકાસને અવરોધરૂપ બને.

## ICE FACT

- શ્રી એડમ સ્મિથે સમતોલ અંદાજપત્રની તરફેણ કરી હતી.
- શ્રી જે. એમ. કેઈન્સે અસમતોલ અંદાજપત્રની ભલામણ કરી હતી.
- કેઈન્સના મત મુજબ અર્થતંત્રમાં રોજગારી ટકાવી રાખવા રાજ્યે વધુ ખર્ચ કરવો આવશ્યક બને છે.

## અસમતોલ અંદાજપત્ર

આ પ્રકારના અંદાજપત્રમાં અંદાજિત આવક અને અંદાજિત ખર્ચ સરખા થતા નથી. આવી અસમતુલા બે રીતે હોય છે :

### ખાધવાળું અંદાજપત્ર :

- સરકારનો અંદાજિત ખર્ચ જ્યારે સરકારની અંદાજિત આવક કરતાં વધુ હોય તેવા અંદાજપત્રને ખાધવાળું કહેવામાં આવે છે.

**ખાધવાળું અંદાજપત્ર = અંદાજિત ખર્ચ > અંદાજિત આવક**

- વિકસતા દેશોમાં સરકારો આર્થિક વિકાસ માટે ખૂબ જાહેર ખર્ચ કરતા હોય છે.
- સંરક્ષણ, શિક્ષણ, સામાજિક સેવાઓ વગેરે પાછળ આ ખર્ચ થાય છે.
- આથી સરકાર પાસે આવકનાં સાધનો ઓછાં હોય છે, કરવેરા ભરવાની ક્ષમતા લોકોમાં ઓછી હોય છે. માટે આવક કરતાં ખર્ચ વધારે થાય છે અને ખાધવાળું અંદાજપત્ર બને છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

#### ખાધવાળા અંદાજપત્રના ફાયદા

- આવા અંદાજપત્ર વિકાસલક્ષી અને કલ્યાણલક્ષી ગણવામાં આવે છે.
- મંદીના અર્થતંત્રમાં ખાધવાળા અંદાજપત્રથી ખર્ચ દ્વારા રોજગારી સર્જી શકાય છે. આવા અંદાજપત્ર આર્થિકવૃદ્ધિ વધારવામાં મદદ કરે છે.
- ખાધવાળા અંદાજપત્રમાં કરવેરાનો બોજો ઓછો હોય છે.

#### ખાધવાળા અંદાજપત્રના ગેરફાયદા

- કેટલીક વખત સરકાર વધુ પડતો ખર્ચ કરીને તેને પૂરો કરવા દેવું કરે છે અને દેવાનો બોજ વધે છે.
- સરકારના ખર્ચ પર નિયંત્રણ રહેતું નથી.
- પ્રજાએ કરવેરા દ્વારા ચૂકવેલાં નાણાંનો બિનકાર્યક્ષમ ખર્ચ થાય છે.

### પુરાંતવાળું અંદાજપત્ર :

અંદાજિત ખર્ચ કરતાં અંદાજિત આવક વધારે હોય તેવું અંદાજપત્ર પુરાંતવાળું અંદાજપત્ર કહેવામાં આવે છે. આવા અંદાજપત્ર ખાસ કરીને વિકસિત દેશોમાં જોવા મળે છે. અહીં સરકારનું ખર્ચ ઓછું અને આવક વધારે હોવાથી પુરાંતવાળું હોય છે.

**પુરાંતવાળા અંદાજપત્રના ફાયદા**

- પુરાંતવાળા અંદાજપત્રથી રાજ્ય ફૂગાવાના સમયે પ્રજા પાસેથી વધુ વેરા લઈ પ્રજા પાસેનું અધિક ધન ખેંચી લઈ શકે અને ફૂગાવાને કાબૂમાં લાવી શકે.
- પુરાંતવાળા અંદાજપત્રમાં સરકારે ખર્ચને પહોંચી વળવા માટે દેવું કરવું પડતું નથી.
- પ્રજા પર ભવિષ્યમાં કરવેરાનો બોજો પડતો નથી.

**પુરાંતવાળા અંદાજપત્રના ગેરફાયદા**

- પુરાંતવાળા અંદાજપત્ર માટે સરકાર જો સામાજિક કલ્યાણ અને વિકાસનાં કાર્યો માટે જરૂરી ખર્ચ પણ ન કરે તો વિકાસને વિપરીત અસર પહોંચે છે.
- મંદીના સમયમાં સરકાર પુરાંતવાળા અંદાજપત્ર માટે નાણાંને પકડી રાખે તો અર્થતંત્રમાં મૂડીરોકાણ, રોજગારી અને ઉત્પાદન પર અસર પડે છે.
- જો દર વર્ષે પુરાંત વધતી જ જાય તો પછી સરકાર તેનું શું કરશે તે પ્રશ્ન મોટો થતો જાય છે. માટે પુરાંતવાળા અંદાજપત્રની પણ મર્યાદા ઊભી થાય.

## અંદાજપત્રનાં ખાતાઓ

અંદાજપત્રની સમજૂતી મેળવવા માટે વિવિધ ખાતાની સમજૂતી મેળવવી જરૂરી છે. એકાઉન્ટની રીતે અંદાજપત્રના હિસાબી ખાતાના બે મુખ્ય ભાગ પડે છે :

(I) જમાબાજુ જયાં, રાજ્યની આવકો નોંધાય છે અને

(II) ખર્ચબાજુ, જયાં રાજ્યના ખર્ચ નોંધાય છે. આવક અને ખર્ચની બંને બાજુનાં મુખ્ય પાસા નીચે મુજબ છે :

### આવકબાજુ

**મહેસૂલી આવક**

સરકારને પ્રત્યક્ષ તથા પરોક્ષ કરવેરા દ્વારા જે આવક થાય છે, જાહેર ક્ષેત્રના નફા પેટે જે આવકો મળે છે, વિવિધ પ્રકારની ફી કે દંડ પેટે જે રકમ મળે છે તે મહેસૂલી આવક છે. આવી આવક ચાલુ વર્ષની પ્રવૃત્તિઓથી પ્રાપ્ત થતી ગણાય છે.

**મૂડી-આવક**

રાજ્યએ દેશના બજારમાંથી અને વિદેશમાંથી મેળવેલી લોન, મધ્યસ્થ બેન્કમાંથી લીધેલ કરજ તથા ટ્રેઝરી બિલોના વેચાણ તેમજ વિમૂડીકરણમાંથી થતી આવકો મૂડી ખાતાની આવકો છે.

### ખર્ચબાજુ

**મહેસૂલી ખર્ચ**

સરકાર વિવિધ જાહેર સેવાઓ પાછળ જે ખર્ચ કરે છે. જેમકે, કર્મચારીઓને પગાર–ભથ્થા ચૂકવવા, રાજ્યોને મદદ કરવી, સંરક્ષણ, સબસિડી વગેરે માટે જે ખર્ચ છે તે મહેસૂલી ખર્ચ થાય છે.

**મૂડીખર્ચ**

સરકાર દેવાની ચૂકવણીઓ કરે, રાજ્ય સરકારો, અન્યને જે કરજ આપે, સામાજિક તથા સંરક્ષણક્ષેત્રે મૂડીખર્ચ કરે તે મૂડીખાતાનો ખર્ચ છે.

- આમ અંદાજપત્રને બે ખાતામાં વહેંચી શકાય : (A) મહેસૂલી ખાતુ જયાં મહેસૂલી આવક અને ખર્ચની નોંધણી થાય તથા (B) મૂડી ખાતુ જયાં મૂડી–આવક અને મૂડીખર્ચ નોંધવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતના વિવિધ સ્તરની સરકારોના અંદાજપત્ર

- ભારતીય સમવાયતંત્ર ત્રિસ્તરીય છે. માટે આ ત્રણેય કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના અંદાજપત્ર સ્વતંત્ર હોય છે.

## કેન્દ્ર સરકારના અંદાજપત્રનો ખ્યાલ :

- ભારતમાં કેન્દ્ર સરકાર વતી દેશના નાણામંત્રી આવનારા નાણાકીય વર્ષમાં થનારા ખર્ચ અને આવકનું અંદાજપત્ર લોકસભામાં રજૂ કરે છે.
- કેન્દ્ર સરકારના અદાંજપત્રની માહિતી:

**મહેસૂલી ખાતું**

| આવક (જમા) | ખર્ચ (ઉધાર) |
|---|---|
| **(1) કર–આવક** | **(1) બિનઆયોજિત ખર્ચ (યોજનામાં ન હોય તેવા)** |
| • પ્રત્યક્ષ કરવેરાથી પ્રાપ્ત થતી આવકો<br>• પરોક્ષ કરવેરાથી પ્રાપ્ત થતી આવકો | • વ્યાજની ચૂકવણી (રાજ્યે/સરકારે ભૂતકાળમાં લીધેલા ધિરાણ પર ચૂકવવાનું વ્યાજ)<br>• સામાજિક સેવાઓ જેવી કે શિક્ષણ, સ્વાસ્થ્ય, પાયાની સુવિધા પાછળ થતો ખર્ચ, વહિવટી સેવા પાછળ થતો ખર્ચ, સામાન્ય સેવાઓ પાછળ થતો ખર્ચ<br>• આર્થિક સેવાઓ જેવી કે ખેતી, ઉદ્યોગ, વીજળી, વાહનવ્યવહાર. ટેક્નોલોજી પાછળ થતો ખર્ચ<br>• રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને અપાતું અનુદાન અને સહાય<br>• સંરક્ષણ પાછળ થતું ખર્ચ<br>• સબસિડી<br>• પેન્શન, પગાર વગેરે |
| **(2) કર સિવાયની આવકો** | **(2) આયોજિત ખર્ચ (યોજનામાં હોય તેવા)** |
| • સરકારે આપેલા ધિરાણ પર મળનારા વ્યાજની આવક<br>• જાહેર ઉદ્યોગમાંથી મળેલા નફા અને ડિવિડન્ડની આવક<br>• જાહેર સેવા–સુવિધામાંથી પ્રાપ્ત ફી તથા દંડની આવ<br>• વિદેશોમાંથી પ્રાપ્ત થતું સહાયક અનુદાન | • ખેતી, ઉદ્યોગો, સિંચાઈ, સૂચના, પ્રસારણ, ઊર્જા, ખનીજ, વાહનવ્યવહાર અન્ય ક્ષેત્રો પાછળ થતો આયોજિત ખર્ચ<br>• કેન્દ્ર અને રાજ્ય શાસિત પ્રદેશોને અપાતી સહાય |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મૂડી ખાતું

| આવક (જમા) | ખર્ચ (ઉધાર) |
|---|---|
| • ઋણ–વસૂલી (Recovery of Loans) | • ઋણની પુનઃચૂકવણી |
| • દેવાથી પ્રાપ્ત થતી આવક | • અન્ય સરકારને અપાતા ધિરાણ પાછળ થતો ખર્ચ |
| • અન્ય આવક દા.ત., વિમૂડીકરણમાંથી થતી આવક, નાની બચત યોજનામાંથી થતી આવક | • સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં થતો મૂડીખર્ચ |
| | • સંરક્ષણક્ષેત્રે થતો મૂડીખર્ચ |

### ICE FACT

- કેન્દ્ર સરકારના ખર્ચનું વર્ગીકરણ આયોજિત અને બિનઆયોજિત ખર્ચ તરીકે થાય છે જ્યારે રાજ્ય સરકારના ખર્ચનું વર્ગીકરણ વિકાસલક્ષી અને બિનવિકાસલક્ષી ખર્ચ તરીકે થાય છે.
- વિકાસલક્ષી ખર્ચ એટલે એવો ખર્ચ જેના થકી આર્થિક વિકાસને પ્રત્યક્ષ અને સીધો વેગ મળે છે. દા.ત., સિંચાઈની સગવડો.
- બિનવિકાસલક્ષી ખર્ચ જે સીધો વિકાસલક્ષી બાબતો પાછળ થતો નથી. પણ પરોક્ષ રીતે લાંબે ગાળે વિકાસને અસર કરી શકે છે. દા.ત., પેન્શનની ચૂકવણી માટેનો ખર્ચ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## અંદાજપત્રની ખાધના પ્રકારો

### મહેસૂલી ખાધ

- અંદાજપત્રમાં મહેસૂલી આવક કરતા મહેસૂલી ખર્ચ વધી જાય ત્યારે મહેસૂલી ખાધ ઉદ્‌ભવે છે.
- આ પ્રકારની ખાધ એ દર્શાવે છે કે રાજ્યના ચાલુ ખર્ચ ચાલુ આવક કરતા વધારે છે.
- વ્યાવહારિક તથા હિસાબી દૃષ્ટિએ આવી ખાધ તંત્રની નીચી કાર્યદક્ષતા દર્શાવે છે.
- મૂડીખાતાની આવકમાંથી આ ખાધ ભરપાઈ કરવાના પ્રયત્ન થઈ શકે છે.

### અંદાજપત્રની ખાધ

- અંદાજપત્રમાં બે ભાગ હોય છે : મહેસૂલી ખાતું અને મૂડીખાતું.
- જ્યારે મહેસૂલી અને મૂડી ખાતાની કુલ આવક કરતા મહેસૂલી અને મૂડીખર્ચ વધારે હોય ત્યારે સમગ્ર અંદાજપત્ર ખાધવાળું ગણાય માટે તેને અંદાજપત્રીય ખાધ કહેવાય.
- કેન્દ્ર સરકાર અંદાજપત્રીય ખાધ પૂરી કરવા માટે રિઝર્વ બેન્ક પાસેથી ઉપાડ કરે છે જેને ખાધપુરવણી કહે છે.
- જ્યારે રાજ્ય સરકાર અંદાજપત્રની ખાધ પૂરવા માટે કેન્દ્ર સરકાર પાસેથી અતિરિક્ત ઉપાડ કરે છે. (ઓવરડ્રાફ્ટ)

## રાજકોષીય ખાદ્ય


- રાજ્ય (સરકાર) બજારમાંથી જે નાણાંનું ધિરાણ મેળવે તેને મૂડી ખાતાની આવક કહેવાય. પણ વાસ્તવિક વ્યવહારમાં તે દેવું છે.
- સરકારની અંદાજપત્રીય ખાધ અને સરકારે બજારમાંથી મેળવેલ દેવું એ બંનેના સરવાળાને રાજકોષીય ખાદ્ય કહે છે.
- આમ, રાજકોષીય ખાદ્ય અંદાજપત્રની ખાદ્ય કરતાં વધુ હોય છે.

રાજકોષીય ખાદ્ય = કુલ ખર્ચ – કુલ આવક (બજારમાંથી મેળવેલા દેવા સિવાયની).
અથવા
અંદાજપત્રની ખાદ્ય + બજારમાંથી મેળવેલ દેવાની રકમ.

## પ્રાથમિક ખાદ્ય

- રાજકોષીય ખાદ્યમાંથી વ્યાજની ચૂકવણી બાદ કરવામાં આવે તેને પ્રાથમિક ખાદ્ય કહેવામાં આવે છે.
- રાજ્યને દેવાના વ્યાજની ચુકવણી બોજો સર્જે છે. પણ આ બોજો વર્તમાનના કામને કારણે નથી.
- દેવું ભૂતકાળમાં થયું છે અને તેનું વ્યાજ વર્તમાનમાં છે માટે વ્યાજને બાદ કરી પ્રાથમિક ખાદ્ય મેળવાય છે. જે ચાલુ વર્ષના આવક અને ખર્ચનો અંદાજ આપે છે.
- આવો ખ્યાલ આ પ્રકારની ખાદ્યમાં વ્યક્ત કરાયો છે. પરંતુ ભારતમાં આ પ્રકારની ખાદ્યનું નીતિવિષયક મહત્ત્વ ગણાતું નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



# વર્ષ 2019-20ના કેન્દ્ર સરકારના સામાન્ય બજેટ વિશેના પરીક્ષાલક્ષી મહત્ત્વના પ્રશ્નો

1. વર્ષ 2019-20નું કેન્દ્ર સરકારનું સામાન્ય બજેટ કોણે રજૂ કર્યું હતું ?
(A) શ્રી અરૂણ જેટલી (B) શ્રીમતી નિર્મલા સીતારામન
(C) શ્રી સુરેશ પ્રભુ (D) શ્રી નીતિન ગડકરી **(B)**

2. ભારતમાં નાણાંકીય વર્ષ ક્યાંથી ક્યાં સુધીનું હોય છે ?
(A) 1 જાન્યુઆરીથી 31 ડિસેમ્બર (B) 1 ફેબ્રુઆરીથી 31 જાન્યુઆરી
(C) 1 માર્ચથી 28 ફેબ્રુઆરી (D) 1 એપ્રિલથી 31 માર્ચ **(D)**

3. વર્ષ 2019-20ના કેન્દ્ર સરકારના સામાન્ય બજેટનું કુલ કદ કેટલું છે ?
(A) રૂ. 24,57,235 કરોડ (B) રૂ. 27,26,965 કરોડ (C) રૂ. 27,86,349 કરોડ (D) રૂ. 25,57,235 કરોડ **(C)**

4. વર્ષ 2018-19ની તુલનાએ ભારત સરકારના વર્ષ 2019-20ના બજેટના કદમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે ?
(A) રૂ. 3,29,114 કરોડ (B) રૂ. 4,26,965 કરોડ (C) રૂ. 5,26,965 કરોડ (D) રૂ. 6,27,965 કરોડ **(A)**

5. વર્ષ 2018-19ની તુલનાએ કેન્દ્ર સરકારના વર્ષ 2019-20ના બજેટના કદમાં કેટલા ટકા વધારો કરવામાં આવ્યો છે ?
(A) 12.3% (B) 13.4% (C) 14.3% (D) 15.3% **(B)**

6. નાણાકીય વર્ષ 2019-20માં ભારત સરકારની રાજકોષીય ખાદ્ય GDPના કેટલા ટકા રહેવાનો અંદાજ છે ?
(A) 3.2% (B) 3.5% (C) 3.3% (D) 3.0% **(C)**

7. નાણાકીય વર્ષ 2020-21માં રાજકોષીય ખાદ્ય ઘટાડીને GDPના કેટલા ટકા કરવાનું ભારત સરકારનું લક્ષ્ય છે ?
(A) 3.1% (B) 3.2% (C) 3.3% (D) 3% **(D)**

8. નાણાકીય વર્ષ 2019-20માં ભારતની મહેસૂલી ખાદ્ય GDPના કેટલા ટકા રહેવાનો અંદાજ છે ?
(A) 2% (B) 2.1% (C) 2.2% (D) 2.3% **(D)**

9. વર્ષ 2021-22માં મહેસૂલી ખાદ્ય ઘટાડીને GDPના કેટલા ટકા કરવાનું ભારત સરકારનું લક્ષ્ય છે ?
(A) 2% (B) 1.8% (C) 1.6% (D) 1.7% **(D)**

10. નાણાકીય વર્ષ 2019-20માં ભારત સરકારનું કુલ ચોખ્ખું દેવું કેટલું થવાનો અંદાજ રાખવામાં આવ્યો છે ?
(A) રૂ. 7,03,760 કરોડ (B) રૂ. 6,03,999 કરોડ (C) રૂ. 5,03,999 કરોડ (D) રૂ. 4,03,999 કરોડ **(A)**

11. સામાન્ય બજેટ 2019-20 અનુસાર વર્ષ 2019-20 માટેનો સરકારનો ડિસઈન્વેસ્ટમેન્ટનો લક્ષ્યાંક કેટલો છે ?
(A) રૂ. 1,05,000 કરોડ (B) રૂ. 80,000 કરોડ (C) રૂ. 1 લાખ કરોડ (D) રૂ. 95,000 કરોડ **(A)**

12. નાણાકીય વર્ષ 2019-20ના સામાન્ય બજેટ અનુસાર સંરક્ષણ ક્ષેત્રને કેટલા રૂપિયા ફાળવવાનો અંદાજ છે ?
(A) 3 લાખ કરોડથી ઓછા (B) 3 લાખ કરોડથી વધુ (C) 4 લાખ કરોડ (D) 4.5 લાખ કરોડ **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

13. વર્ષ 2019-20માં રેલવે સંચાલન રેશિયો કેટલો રહેવાનો અંદાજ છે ?
(A) 98.4% (B) 96.2% (C) 95% (D) 95.2% **(C)**

14. વર્ષ 2019-20ના બજેટમાં કેટલી વાર્ષિક આવક ધરાવતા કરદાતાને ઈન્કમ ટેક્સમાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવામાં આવી છે ?
(A) રૂ. 2.5 લાખ સુધી (B) રૂ. 3 લાખ સુધી (C) રૂ. 5 લાખ સુધી (D) રૂ. 6.5 લાખ સુધી **(C)**

15. ભારત સરકારના વર્ષ 2019-20ના બજેટ અનુસાર ભારતની કુલ આવકમાં સૌથી વધુ 21 ટકા હિસ્સો શેનો છે ?
(A) ઈન્કમ ટેક્સ (B) GST (C) કસ્ટમ ડ્યુટી (D) કોર્પોરેશન ટેક્સ **(D)**

16. ભારત સરકારના બજેટ અનુસાર નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન સરકારના કુલ ખર્ચમાંથી સૌથી વધુ (23 ટકા) ખર્ચ શા માટે થશે ?
(A) કેન્દ્ર સરકારની યોજનાઓ માટે (B) સંરક્ષણ માટે
(C) વ્યાજની ચૂકવણીમાં (D) રાજ્યોને ટેક્સ અને ડ્યુટીનો હિસ્સો આપવામાં **(D)**

17. તાજેતરમાં જુલાઈ, 2019 દરમિયાન રજૂ થયેલું વર્ષ 2019-20નું કેન્દ્ર સરકારનું બજેટ કયા પ્રકારનું હતું ?
(A) સામાન્ય બજેટ (B) સામાન્ય નાણાકીય નિવેદન
(C) વચગાળાનું કે Interim (D) લેખાનુદાન કે Vote on Account **(A)**

18. વર્ષ 2019-20ના બજેટમાં શ્રીમતી નિર્મલા સીતારામને ભારત સરકારના કયા વિઝનનો ઉલ્લેખ કર્યો હતો ?
(A) વિઝન 2022 (B) વિઝન 2025 (C) વિઝન 2030 (D) વિઝન 2035 **(C)**

19. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ભારત સરકારના વિઝન 2030 અનુસાર 2030 સુધીમાં ભારતની અર્થવ્યવસ્થાનું કદ વધારીને કેટલું કરવાનું સરકારનું લક્ષ્ય છે ?
(A) 5 ટ્રિલિયન ડોલર (B) 8 ટ્રિલિયન ડોલર (C) 10 ટ્રિલિયન ડોલર (D) 15 ટ્રિલિયન ડોલર **(C)**

20. નાણાકીય વર્ષ 2019-20ના બજેટ ભાષણમાં શ્રીમતી નિર્મલા સીતારામને મહિલાઓ માટે કયા સૂત્રનો પ્રયોગ કર્યો હતો ?
(A) નારી તુ નારાયણી (B) નારી તુ હી શક્તિ
(C) નારી તુ શક્તિરૂપા (D) ત્રણમાંથી કોઈ નહિ **(A)**

21. વર્ષ 2024 સુધીમાં ભારતીય અર્થવ્યવસ્થાને વધારીને કયાં સુધી લઈ જવાનું ભારત સરકારનું લક્ષ્ય છે ?
(A) 3 ટ્રિલિયન ડોલર (B) 4 ટ્રિલિયન ડોલર
(C) 5 ટ્રિલિયન ડોલર (D) 7 ટ્રિલિયન ડોલર **(C)**

22. નાણાકીય વર્ષ 2018-19માં ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા હતો ?
(A) 6.8 (B) 7.0 (C) 7.2 (D) 7.4 **(A)**

23. તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર આગામી કેટલા વર્ષમાં ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે રૂ. 100 લાખ કરોડનો ખર્ચ કરવામાં આવશે ?
(A) 2 (B) 5 (C) 10 (D) 20 **(B)**

24. ઉડ્ડયન ક્ષેત્રે ભારત વિશ્વનું કેટલામું સૌથી મોટું સ્થાનિક અથવા તો ઘરેલુ ઉડ્ડયન બજાર છે ?
(A) બીજું (B) ત્રીજું (C) ચોથું (D) પાંચમું **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 25. | વર્ષ 2018થી 2030 સુધીમાં ભારતમાં રેલવેના મૂળભૂત માળખામાં સુધારો કરવા માટે અંદાજે કેટલા રૂપિયાના રોકાણની આવશ્યકતા બજેટમાં વ્યક્ત કરવામાં આવી છે ?<br>(A) રૂ. 20 લાખ કરોડ (B) રૂ. 40 લાખ કરોડ (C) રૂ. 50 લાખ કરોડ (D) રૂ. 75 લાખ કરોડ | (C) |
| 26. | તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર આગામી ચાર વર્ષમાં ગંગા નદીમાં કાર્ગોના પરિવહનની ક્ષમતામાં કેટલા ગણો વધારો થવાની સંભાવના છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ | (C) |
| 27. | ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા માટે તાજેતરમાં કઈ યોજના લોન્ચ કરવામાં આવી છે ?<br>(A) FAME (B) FAME-I (C) FAME-II (D) FAME-III | (C) |
| 28. | ભારતમાં ઈલેક્ટ્રીક વાહનોને પ્રોત્સાહન આપવા માટે ફેમ યોજનાના બીજા ચરણમાં આગામી ત્રણ વર્ષ માટે સરકારે કેટલા રૂપિયાની જોગવાઈ કરી છે ?<br>(A) રૂ. 10,000 કરોડ (B) રૂ. 20,000 કરોડ (C) રૂ. 30,000 કરોડ (D) રૂ. 40,000 કરોડ | (A) |
| 29. | ભારતમાં ઈલેક્ટ્રીક વાહનો પરનો GST કેટલા ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે ?<br>(A) 12 (B) 18 (C) 28 (D) ત્રણમાંથી કોઈ નહિ | (A) |
| 30. | ભારતમાં ઈલેક્ટ્રીક વાહનની ખરીદી પર લોનના વ્યાજ પર ટેક્સમાં કેટલા રૂપિયાની માફી આપવા બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે ?<br>(A) રૂ. 1 લાખ (B) રૂ. 1.5 લાખ (C) રૂ. 2 લાખ (D) રૂ. 2.5 લાખ | (B) |
| 31. | બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતના તમામ રાજ્યોને સસ્તા દરે વીજળીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે ભારતમાં કયું મોડલ અપનાવવામાં આવશે ?<br>(A) એક રાજ્ય, એક ગ્રીડ (B) થ્રી સ્ટેટ, વન ગ્રીડ<br>(C) ફાઈવ સ્ટેટ, થ્રી ગ્રીડ (D) એક દેશ, એક ગ્રીડ | (D) |
| 32. | વર્ષ 2017-18ની તુલનાએ ભારતમાં 2018-19માં પ્રત્યક્ષ વિદેશી રોકાણ (FDI)માં કેટલા ટકાનો વધારો થયો છે ?<br>(A) 5 ટકા (B) 6 ટકા (C) 7 ટકા (D) 8 ટકા | (B) |
| 33. | બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં કયા ક્ષેત્રમાં 100 ટકા FDIને મંજૂરી આપવામાં આવશે ?<br>(A) વીમા મધ્યસ્થીઓ (B) ઈન્ટરનેટ (C) બેન્કીંગ (D) હેલ્થ | (A) |
| 34. | બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં કયા ત્રણ ક્ષેત્રમાં FDIની મર્યાદા વધારવા સરકાર વિચારી રહી છે ?<br>(A) ઉડ્ડયન, બેન્કીંગ, વીમા (B) ઉડ્ડયન, બેન્કીંગ, ઈન્ટરનેટ<br>(C) ઉડ્ડયન, મીડિયા, વીમા (D) ઉડ્ડયન, મીડિયા, ઈન્ટરનેટ | (C) |
| 35. | તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં કયા ક્ષેત્રમાં FDI માટે સ્થાનિક સ્ત્રોતના માપદંડ સરળ કરાશે ?<br>(A) સિંગલ બ્રાન્ડ રીટેઈલ (B) મલ્ટી બ્રાન્ડ રીટેઈલ<br>(C) મલ્ટી મીડિયા (D) ઈ-કોમર્સ | (A) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

| | | |
|---|---|---|
| 36. | તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં ઈસરો તથા અન્ય સંસ્થાઓની 'અવકાશ ક્ષમતા'નો વ્યાવસાયિક લાભ લેવા માટે કઈ સરકારી સંસ્થાની સ્થાપના કરવામાં આવશે ?<br>(A) ન્યૂ સ્પેસ (B) ન્યૂ સ્પેસ લિમિટેડ<br>(C) ન્યૂ સ્પેસ ઈન્ડિયા લિમિટેડ (D) ત્રણમાંથી કોઈ નહિ | (C) |
| 37. | ભારતમાં શિક્ષણ તથા યુવાનો માટે બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?<br>1. મહત્ત્વના ક્ષેત્રોમાં સંશોધન માટે 'National Research Foundation' (NRF)ની સ્થાપના કરવામાં આવશે.<br>2. 'ખેલો ઈન્ડિયા' અંતર્ગત 'National Sports Education Board'ની સ્થાપના કરવામાં આવશે.<br>3. વિદેશી વિદ્યાર્થીઓને ભારતમાં ઉચ્ચ શિક્ષણ માટે લાવવા 'Study in India' પ્રોગ્રામ લોન્ચ કરવામાં આવશે.<br>4. સ્ટાર્ટ અપ્સ માટે દિલ્હી દૂરદર્શનની ચેનલ પર વિશેષ ટી.વી. કાર્યક્રમ શરૂ કરવામાં આવશે.<br>(A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 2, 4 | (A) |
| 38. | તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતના તમામ ગ્રામીણ પરિવારોને વીજળી, ટોયલેટ અને LPG કનેક્શન સાથેનું ઘરનું ઘર કયાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ?<br>(A) 2021 (B) 2022 (C) 2024 (D) 2025 | (B) |
| 39. | ભારતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના–ગ્રામીણના બીજા ચરણમાં 2019-20થી 2021-22 દરમિયાન કેટલા મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવશે ?<br>(A) 1 કરોડ (B) 1.25 કરોડ (C) 1.75 કરોડ (D) 1.95 કરોડ | (D) |
| 40. | બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાના કયા ચરણમાં આગામી પાંચ વર્ષમાં રૂ. 80,250 કરોડના ખર્ચે 1,25,000 કિમી લંબાઈના રોડનું નિર્માણ કરવામાં આવશે ?<br>(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા | (C) |
| 41. | ભારતમાં ગ્રામીણ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં કઈ નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે ?<br>(A) શ્રૃતિ (B) સ્ફૂર્તિ (C) સ્મૃતિ (D) સૃષ્ટિ | (B) |
| 42. | બજેટમાં જાહેર કરાયેલી 'સ્ફૂર્તિ' યોજના અંતર્ગત વર્ષ 2019-20 દરમિયાન કયા ત્રણ ક્ષેત્રમાં 100 નવા ક્લસ્ટર તૈયાર કરવામાં આવશે ?<br>(A) વાંસ, મધ, ખાદી (B) વાંસ, મધ, કાગળ (C) વાંસ, મધ, શણ (D) વાંસ, મધ, રેશમ | (A) |
| 43. | બજેટમાં જાહેર કરવામાં આવેલી SFURTI યોજનાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?<br>1. SFURTIનું પૂરું નામ 'Scheme of Fund for Upgradation and Regeneration of Traditional Industries' છે.<br>2. આ યોજનાથી 50,000 જેટલા ગ્રામીણ કારીગરોને રોજગારી મળશે.<br>(A) 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 2 (D) એકપણ નહિ | (A) |
| 44. | બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં ખેડૂતોની આર્થિક સ્થિતિ સુનિશ્ચિત કરવા માટે કેટલા નવા ખેડૂત ઉત્પાદન સંઘ બનાવવામાં આવશે ?<br>(A) 5,000 (B) 10,000 (C) 15,000 (D) 20,000 | (B) |

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

45. ભારતના તમામ ગ્રામીણ પરિવારોને પાઈપ તથા નળ દ્વારા તેમના ઘર સુધી પાણી પહોંચાડવા માટે તેમજ 'નલ સે જલ' તથા 'હર ઘર જલ'ના લક્ષ્યને પૂરું કરવા માટે કયું મિશન લોન્ચ કરવામાં આવ્યું છે ?
(A) જળ જીવન મિશન (B) જળ સમૃદ્ધિ મિશન
(C) જળ સંચય મિશન (D) ત્રણમાંથી કોઈ નહિ
(A)

46. 'જળ જીવન મિશન' અંતર્ગત ભારતમાં કયાં સુધીમાં ભારતના તમામ ગ્રામીણ પરિવારોને પાઈપ તથા નળ દ્વારા તેમના ઘરે જ પાણી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવશે ?
(A) 2022 (B) 2024 (C) 2025 (D) 2030
(B)

47. તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં બહેતર રોડ કનેક્ટીવીટી માટે 'ભારતમાલા' યોજનાના કયા ચરણને અમલમાં મૂકવામાં આવશે ?
(A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) ત્રણમાંથી કોઈ નહિ
(A)

48. તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં સેલ્ફ ગ્રુપ સાથે જોડાયેલી તમામ મહિલાઓને તેમના જન ધન ખાતામાંથી કેટલા રૂપિયાના ઓવરડ્રાફ્ટની સુવિધા મળશે ?
(A) 2000 (B) 3000 (C) 5000 (D) 10000
(C)

49. તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર સેલ્ફ હેલ્પ ગ્રુપ સાથે જોડાયેલી મહિલાઓમાંથી ગ્રુપ દીઠ એક મહિલાને મુદ્રા યોજના અંતર્ગત કેટલા રૂપિયા સુધીની લોન મળશે ?
(A) રૂ. 50,000 (B) રૂ. 1 લાખ (C) રૂ. 1.5 લાખ (D) રૂ. 2 લાખ
(B)

50. ભારતમાં જાહેર ક્ષેત્રની બેન્કો માટે બજેટમાં કેટલા રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) રૂ. 50,000 કરોડ (B) રૂ. 70,000 કરોડ (C) રૂ. 80,000 કરોડ (D) રૂ. 85,000 કરોડ
(B)

51. બજેટમાં NBFCના સંબંધમાં આવાસ સંબંધી તમામ ફાઈનાન્સ સેક્ટરના નિયમનનો અધિકાર NHB પાસેથી પાછો લઈને ફરીથી કોને સોંપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે ?
(A) નાબાર્ડ (B) SEBI (C) RBI (D) SBI
(C)

52. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં ડિજિટલ પેમેન્ટને વેગ આપવા માટે બેન્ક ખાતામાંથી એક વર્ષમાં એક કરોડથી વધુ રોકડ રકમ ઉપાડવા પર કેટલા ટકા TDS કાપવામાં આવશે ?
(A) 1 (B) 2 (C) 3 (D) 5
(B)

53. પ્રધાનમંત્રી કર્મયોગી માન ધન યોજના અંતર્ગત વાર્ષિક કેટલા કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા નાના વેપારીઓ અને દુકાનદારોને પેન્શન લાભ આપવામાં આવે છે ?
(A) 1 કરોડ (B) 1.5 કરોડ (C) 2 કરોડ (D) 2.5 કરોડ
(B)

54. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર હવેથી રૂ. 250 કરોડની જગ્યાએ કેટલું વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીઓ પાસેથી 25 ટકા કોર્પોરેટ ટેક્સ વસુલવામાં આવશે ?
(A) 300 કરોડ (B) 350 કરોડ (C) 400 કરોડ (D) 500 કરોડ
(C)

55. તાજેતરમાં બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર વાર્ષિક 400 કરોડ રૂપિયા સુધીનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી કંપનીઓ પાસેથી હવે કેટલો કોર્પોરેટ ટેક્સ વસુલવામાં આવશે ?
(A) 20 ટકા (B) 25 ટકા (C) 30 ટકા (D) 35 ટકા
(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

56. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર 2થી 5 કરોડ સુધીની વાર્ષિક આવક ધરાવતા ધનવાનોને હવે કેટલા ટકા સરચાર્જ ચૂકવવો પડશે ?

(A) 2 ટકા (B) 3 ટકા (C) 5 ટકા (D) 7 ટકા **(B)**

57. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર 5 કરોડથી વધુ વાર્ષિક આવક ધરાવતા ધનવાનોને હવે કેટલા ટકા સરચાર્જ ચૂકવવો પડશે ?

(A) 2 ટકા (B) 3 ટકા (C) 5 ટકા (D) 7 ટકા **(D)**

58. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર હવે કેટલા લાખથી વધુની પ્રોફેશનલ ફી પર 5 ટકા TDS લાગશે ?

(A) 20 લાખ (B) 30 લાખ (C) 40 લાખ (D) 50 લાખ **(D)**

59. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર સોનું તથા અન્ય કિમતી ધાતુઓ પરથી કસ્ટમ ડ્યુટી 10 ટકાથી વધારીને કેટલી કરવામાં આવી છે ?

(A) 11 ટકા (B) 11.5 ટકા (C) 12 ટકા (D) 12.5 ટકા **(D)**

60. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર રૂ. 45 લાખની કિંમત સુધીના મકાનની લોનના વ્યાજ પર અગાઉની રૂ. 2 લાખ ઉપરાંત હવે બીજી કેટલી વધારાની કર રાહત મળશે ?

(A) રૂ. 1 લાખ (B) રૂ. 1.5 લાખ (C) રૂ. 2 લાખ (D) રૂ. 2.5 લાખ **(B)**

61. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર નીચેનામાંથી કોણે હવે ફરજિયાત આવકવેરા રિટર્ન ભરવું પડશે ?

(A) કરન્ટ બેન્ક ખાતામાં રૂ. 1 કરોડથી વધુ જમા કરાવનાર વ્યક્તિ
(B) રૂ. 1 લાખથી વધુ વીજ બીલની ચૂકવણી કરનાર વ્યક્તિ
(C) એક વર્ષમાં વિદેશયાત્રામાં રૂ. 2 લાખથી વધુ ખર્ચ કરનાર વ્યક્તિ
(D) ઉપરોક્ત ત્રણેય **(D)**

62. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર હવે કેટલા કરોડથી ઓછું વાર્ષિક ટર્નઓવર ધરાવતા એકમોને દર મહિનાને બદલે ત્રણ મહિનામાં એક વખત GST રિટર્ન ભરવું પડશે ?

(A) 5 કરોડ (B) 7 કરોડ (C) 10 કરોડ (D) 12 કરોડ **(A)**

63. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે વર્ષ 2019-20માં શેની સ્થાપના કરવામાં આવશે ?

(A) Credit Guarantee Enhancement Corporation
(B) Credit Guarantee Enhancement Co-operation
(C) Credit Guarantee Enhancement Centre
(D) Credit Guarantee Enhancement Foundation **(A)**

64. બજેટમાં કરવામાં આવેલી જાહેરાત અનુસાર ભારતમાં રેલવે સ્ટેશનોને વધુ સુવિધાજનક બનાવવા માટે કયા કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવશે ?

(A) રેલવે સ્ટેશન આધુનિકીકરણ (B) રેલવે સ્ટેશન સુવિધા પ્રોજેક્ટ
(C) રેલવે સ્ટેશન સુલભ પ્રોજેક્ટ (D) સુગમ રેલવે સ્ટેશન પ્રોગ્રામ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®